Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૪૬ · તા. ૦૯ થી ૧૫ નવેમ્બર ૧૩ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## નિર્મલ નજરે

### કચ્છી સુર્યમુખીની છટાઓ





સુર્યમુખી ફુલ માત્ર સુંદરતા આપતું નથી, તેનું તેલ હૃદયની સંભાળ તથા અનેક રીતે ઉપયોગી થતું હોવાથી કચ્છમાં તેની ખેતી વિસ્તાર પામતી ગઈ છે.

ફોટોગ્રાફર : નિર્મલ દંડને પ્રવાસનો શોખ છે, તેઓ પ્રકાશ સમીક્ષાના વાચકોને કેમેરાની નજરે વિવિધતાનો સાક્ષાત્કાર કરાવશે

## કચ્છને આપણા ગામ - તાલુકા ઉપરાંત તેની સમગ્રતામાં જાણીએ











આપણે બધા અવારનવાર કચ્છ જઈએ છીએ... આપણે આપણા ગામ - તાલુકા જ્યાં અવર-જવર હોય તેના આધારે કચ્છ શું છે તેનો ખ્યાલ વિકસાવીએ છીએ. વળી, આપણે કયા સમયે કચ્છ ગયા તેના આધારે કચ્છ કેવું છે તેનું ચિત્ર ઉપસાવીએ છીએ.

કચ્છ હકીકતમાં, આપણા ગામ - આપણા તાલુકા પૂરતું મર્યાદિત નથી. આપણા ગામ - આપણા તાલુકાની મુલાકાતે જઈએ ત્યારે થતા અનુભવથી પણ તે ઘણું વિશેષ છે.

હમણાં હમણાં કેટલાક લોકો કચ્છને તેના વિકસિત બંદર કંડલા તથા વિકસી રહેલા બંદર મુંદ્રા તેમજ સાંઘી સીમેન્ટ કારખાના સાથે જોડે છે, રોકાણની તક તરીકે જોતા થયા છે. અલબત્ત આ ખ્યાલમાં પણ કચ્છનું હાર્દ ચુકાઈ જાય છે.

જો કચ્છને તેની સમગ્રતામાં જોવું હોય તો, તેની વિશિષ્ટ વનસ્પતિ, પશુ-પક્ષીઓ ઉપરાંત સમૃધ્ધ પરંપરા - સાંસ્કૃતિક વારસા, પ્રગતિશીલ અને કલા પ્રેમી રાજઘરાણાએ તેને વિશિષ્ટ બનાવવા કરેલા પ્રયત્નો, તેની કથાઓ અને દંતકથાઓ વગેરેને સાંકળી વિશિષ્ટ ઈતિહાસ - ભૂગોળ - લોકસંસ્કૃતિ ધરાવતા પ્રદેશ વિશેષ તરીકે જોવું જોઈએ.

અનુસંધાન ત્રીજા કવર પર ૧૯મા પાને















## કુ. રીવા યોગેશ ચંપકલાલ શાહ (ગામદેવી)

**માતા ડો. વૃંદા (એડ. સનત્ શાહના સુપુત્રી)**

**રીવાએ હાલમાં જ ગવર્મેન્ટ લો કોલેજ (મુંબઈ) થી કાયદાના અનુસ્નાતક (LL.B - 5 years course) ની ડીગ્રી ૬૬.૧૨% સાથે મેળવી છે. તેઓ કોલેજમાં પ્રથમ ક્રમાંકે તથા યુનિવર્સીટીમાં દ્વિતીય ક્રમાંકે રહ્યા. એમની અત્યાર સુધીની અભ્યાસની કારકીર્દિમાં લગભગ હંમેશા સ્કૂલ (ક્વીન મેરીઝ, મુંબઈ) હોય કે કોલેજ (ગવર્મેન્ટ લો) માં અવ્વલ નંબર મેળવ્યો છે.**

### એમની ઝળહળતી કારકિર્દી પર એક નજર

શાળા : ક્વીન મેરીઝ, મુંબઈ - પ્રથમ ક્રમાંક ૯૩.૮૩ %

જુનીઅર કોલેજ : એચ.એસ.સી. જયહિંદ ૮૬.૨%

કોલેજ : ગવર્મેન્ટ લો - પ્રથમ વર્ષ કોલેજમાં પ્રથમ ક્રમાંક ૭૪.૬૬%

દ્વિતીય વર્ષ : પ્રથમ ક્રમાંક ૭૩.૮૩ %
તૃતીય વર્ષ : ત્રીજો ક્રમાંક ૬૪.૨૫%
ચતુર્થ વર્ષ : ૫૮.૭૫ %
પાંચમું (અંતિમ) વર્ષ (૨૦૧૩) - પ્રથમ ક્રમાંક ૬૬.૧૨%

### અન્ય વિશેષ સિદ્ધિઓ :

- **જનરલ સેક્રેટરી** (ગવર્મેન્ટ લો કોલેજ ૨૦૧૦-૧૧)
  **મૂટ કોર્ટ કોમ્પીટીશન માંની સિદ્ધિઓ** (જેમાં યુનિવર્સિટી તરફથી Mock કોર્ટનું આયોજન કરવામાં આવે છે)
- બેસ્ટ સ્પીકર, બેસ્ટ મેમોરીયલ અને બેસ્ટ ટીમ એવાર્ડ : નેશનલ લો સ્કૂલ કલકત્તા દ્વારા ૨૦૧૨માં આયોજિત
- બેસ્ટ સ્પીકર : ૨૦૧૧ ગવર્મેન્ટ લો, મુંબઈ દ્વારા આયોજીત -
- બેસ્ટ ટીમ : ૨૦૧૦ દિલ્લી લો સેન્ટર
- રનર અપ ટીમ : ૨૦૧૦ પોંડેચેરીમાં આંબેડકર લો કોલેજ નેશનલ મૂટ
- બેસ્ટ સ્પીકર : ૨૦૦૯ ગર્વર્મેન્ટ લો કોલેજ મૂટ કોમ્પીટીશન
- ત્રીજો ક્રમાંક : ૨૦૦૮ ગર્વર્મેન્ટ લો કોલેજ

**હાલમાં વાડિયા - ગાંધી સોલિસીટર્સ ની ફર્મમાં સોલિસીટર થવા માટે Article સહી કર્યા છે.**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

વ્યવસ્થાપક :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 46/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# શું જ્ઞાતિઓનું અસ્તિત્વ મટી જવાને આરે છે?

જાણીતા અંગ્રેજી અખબાર ઈંડિયન એક્સપ્રેસના શનિવાર તા.૨/૧૧/૧૩ના અંકમાં જેમણે ગ્રામીણ અને શહેર ભારતનાં નવા જૂના વલણો અંગે મહત્વપૂર્ણ સંશોધન કાર્ય કર્યું છે એવા કેમ્બ્રીજ યુનવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર કૈવન મુનશીનો જ્ઞાતિપ્રથા શા માટે ટકી રહી છે (Why does caste persist?) તે વિશેનો લેખ છે. લેખક મૂળ શીર્ષકમાં જે પ્રશ્ન પૂછે છે તેનો જવાબ તેઓ જ પેટાશીર્ષકમાં આપે છે. તેઓ કહે છે કે 'અણવિકસિત અર્થતંત્રમાં જ્ઞાતિ સમુદાયનું માળખું મહત્વપુર્ણ આર્થિક ટેકો આપે છે'. બીજા શબ્દોમાં કહીએતો માળખું તેથી જ ટકી રહ્યું છે.

લેખની શરૂઆતમાં લેખક કહે છે કે સમાજસુધારકો અને સરકારના ઘણા પ્રયત્નો છતાં જ્ઞાતિ પ્રથા ખતમ થઈ નથી. સામાન્ય રીતે એવું માની લેવાય છે કે પ્રાચીનકાળથી ચાલતી આવતી અસમાનતા અને પૂર્વગ્રહોને બદલવાની પ્રક્રિયા બહુ ધીમી હોય છે. તેને કારણે જ્ઞાતિપ્રથા ટકી રહી છે.

તે પછી લેખક એ વાતની પણ નોંધ લે છે કે અનામતની સરકારી નીતિએ પણ જ્ઞાતિપ્રથા નાબુદ થવાની શક્યતા ઓછી કરી છે.

જો કે, તેમની દ્રષ્ટિએ જ્ઞાતિપ્રથાના ટકી રહેવા પાછળનું મુખ્ય કારણ તે (ભારત જેવા) અણવિકસિત અર્થતંત્રમાં જ્ઞાતિ મહત્વપૂર્ણ આર્થિક ટેકો આપતી હોવાને કારણે તેનું મહત્વ જળવાઈ રહ્યું છે.

લેખક આ બાબત ઈતિહાસના સંદર્ભમાં જુએ છે. તેઓ નોંધે છે કે (મુંબઈ આદિ) સમૃધ્ધ શહેરોમાં આવવા તથા વસવા માટે જ્ઞાતિના આગળથી આવેલાઓએ પાછળથી આવેલાઓને મદદ કરી હતી. તેને કારણે એકંદરે સમુદાયની સમૃધ્ધિ વધી અને જ્ઞાતિના વધુ લોકોને બોલાવવા માટેની ક્ષમતા ઊભી થઈ હતી.

લેખકે તાજેતરમાં કરેલી તપાસમાં જાણવા મળ્યું છે કે ૨૧મી સદીમાં પણ લોકોને સારી નોકરી કે ધંધો વધારવા સમુદાયના લોકોની મદદ ઘણી ફાયદારૂપ થાય છે.

વધુમાં જ્ઞાતિનું માળખું એક અર્થમાં વીમાછત્ર જેવું કામ કરે છે. બેકારીથી માંડીને માંદગી વખતે તેને કારણે ટેકો મળી રહે છે.

આટલી છણાવટ કર્યા પછી તેઓ પ્રશ્ન પૂછે છે.. શું ભવિષ્યમાં પણ જ્ઞાતિમાળખું આવી જ રીતે કામ કરતું રહેશેઃ તેમણે નોંધ્યું છે કે મિલઉદ્યોગ સાવ પડી ભાંગ્યો એ રીતે બીજા કેટલાક હુન્નરોની બાબતમાં પણ બનશે તે વખતે કાંઈક જુદું બનવાની શક્યતા ખરી પણ તે સિવાયની સ્થિતિમાં ભારતીય અર્થતંત્ર પૂર્ણ વિકસિત થાય અને બીજા વિકલ્પ ઊભા થાય ત્યાં સુધી જ્ઞાતિ આવી રીતે ટેકો આપતી રહેશે અને તેથી તેનું ઔચિત્ય - પ્રસ્તુત બની રહેશે.

લેખના છેડે લેખકે એવું પણ નોંધ્યું છે કે મોટાભાગના ભારતીયો હજુ પણ

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે હવેથી ઈ-મેલ** kdoprakash@gmail.com **પર મોકલાવા.**

Please Note New Email ID of C.D.O. Prakash Samiksha : Email : kdoprakash@gmail.com

નાતમાં પરણવાનું પસંદ કરે છે અને જ્ઞાતિ બહારના લગ્નોને શંકાની દૃષ્ટિએ જોવાય છે તેનું કારણ પણ આ છે.

લેખકના આ લેખને કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના ઈતિહાસનાં સંદર્ભમાં જોઈએ તો તેમણે સ્થળાંતર - સમૃધ્ધ શહેરોમાં વસવાટ - અગાઉ વસેલા જ્ઞાતિજનો દ્વારા પાછળથી વસેતા જ્ઞાતિજનોને મળતો ટેકો વગેરે બાબતો સારી રીતે સમજાય છે.

કદાચ આપણે એમ પણ કહી શકીએ કે આવું આર્થિક ટેકો આપનારું માળખું ઉપલબ્ધ હોવાને કારણે જ જ્ઞાતિમાં ઘણા લોકો ગરીબ હોવા છતાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ શાહ સોદાગરોની નાત ગણાતી હતી.

ઈ.સ. ૧૯૬૪માં મહારાષ્ટ્રમાં કપાસના ધંધાનું રાષ્ટ્રિયકરણ થયા પછી આ માળખું પહેલા જેટલું પ્રભાવકારી નથી રહ્યું અટલેજ જ જ્ઞાતિઓ પીછે હટ થવાનું અનુભવી રહ્યા છે.

જો એમ જ હોય તો જ્ઞાતિની મુખ્ય સંસ્થાઓએ તાત્પુરતી અસરવાળા ધાર્મિક - સામાજિક કાર્યક્રમો કરવા કરતાં આવું માળખું ફરી સુદૃઢ થયું છે એવી પ્રતિતી કરાવે તેવા કાર્યક્રમો હાથ ધરવા રહ્યા.

**કચ્છને આપણા ગામ - તાલુકા ઉપરાંત તેની સમગ્રતામાં જાણીએ** - **૧લા કવરથી ચાલુ**

અહીંના હજારો લાખો વરસો પહેલાંની અશ્મિભૂત ચીજો (ફોસીલ્સ), સમૃધ્ધ વન્યજીવન, મંદિરો, કિલ્લાઓ, પ્રાચીન - અર્વાચીન વેપાર કેન્દ્રો, કલા અને સંગીત આપણને ગૌરવની લાગણીથી ભરી દે છે.

૩૮૫ પ્રકારના પક્ષીઓ અહીં સ્થળાંતર કરી શિયાળો ગાળવા તથા પ્રજનન માટે આવે છે, એ વાત તેને અલગ બનાવે છે. કચ્છના બની પ્રદેશના ઘાસના મૈદાનો તેમજ ત્યાં પશુપાલન સાથે વિકસેલ સમૃધ્ધ ભરત- ગુંથણ - વણાટકામની કળા તેણે દેશી ઉપરાંત વિદેશી સહેલાણીઓ માટે વિશેષ આકર્ષણ બનાવેછે.

આપણે કચ્છીઓ આમ તો આપણી માતુભૂમિ અંગે ગૌરવ લેતા હોઈએ છીએ. પણ, હકીકતમાં તેમાં ગૌરવ લેવા જેવું જે કાંઈ છે તેને સમજી- વિચારીને સમગ્રતામાં પામીએ ત્યારે એની જે લાગણી ઉભરે છે તે એ શાબ્દિક ગૌરવ કરતાં ઘણું વિશેષ હોય છે.

**નિર્મલ બાબુભાઈ લાલજી દંડ** સાંધવ હાલે કલ્યાણ

---

**શ્રી આદેશ્વર દાદાય નમઃ**

## શ્રી ક.દ.ઓ. જૈન જશાપર મહાજન

જશાપર ગામ વાસીઓ તથા ગામની નિયાણી બહેનોને અત્યંત હર્ષ અને ઉલ્લાસથી જણાવતાં આનંદ થાય છે કે આપણા ગામમાં અતિથી ગૃહ નું ઉદઘાટન તથા આપણા ગામના દિકરી પ.પૂ. સાદવી શ્રી મૌન ગુણાશ્રીજી મ.સા.ના. ચાતુર્માસ માટે તા. ૧.૧૨.૨૦૧૩ ને રવિવારનાં મિટીંગનું આયોજન કરેલ છે.

તો સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને હાજરી આપવા નમ્ર વિનંતી.

**દિવસ અને સમય :**
**રવિવાર તા. ૧.૧૨.૧૩નાં બપોરના ૨.૩૦થી ૪.૩૦સુધી**

**સ્થળ :**
**બાલાજી (ગોપુરમ) હોલ, પુરુષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડો. આર.પી.રોડ, જ્ઞાન સરીતા સ્કુલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સંપર્ક : ટ્રસ્ટી સોમચંદ કુવંરજી મોતા મો. ૯૮૨૦૮૨૧૯૦૮**

# YUVA UMANG - 2013

Organiser :- Shree Mumbai Mahajan, Shree KDO Maharashtra Ekkam, Shree DBKDO Jain Ekkam, shree UBKDO Jain Ekkam, Shree KDO Jain Paschim Ekkam & Shree KDO Jain Kutch Ekkam

Managed BY :- KDO JAIN KUTCH EKKAM

Date : 25.12.2013 to 29.12.2013

## DETAIL PROGRAMME

| TIMINGS | | Events Detail |
|---|---|---|
| | | **1ST Day Wednesday 25th December - 2013** |
| 8.00 | 12.00 | Registration of Participants & room allotment |
| **14.30** | **17.30** | **Inauguration of YUVAUMANG 2013** |
| 17.30 | 18.30 | Inauguration box cricket |
| 17.30 | 18.30 | Inauguration of carom Matches |
| 19.30 | 24.00 | Inauguration Cultural programme (sole and group singing) |
| | | **2nd Day Thursday 26th December - 2013** |
| 6.30 | 8.00 | 100 Mtr. & 100x4 relay race |
| 9.00 | 10.30 | Speech & Interaction |
| 10.45 | 12.15 | Speech & Interaction |
| 14.00 | 16.00 | Rangoli Competition |
| 14.30 | 18.00 | Skit |
| 14.30 | 18.30 | Matches of box cricket |
| 14.30 | 18.00 | Matches of Carom tournament |
| 19.30 | 24.00 | Cultural Programmer (solo and group dance) |
| | | **3rd Day Friday 27th December - 2013** |
| 6.30 | 8.00 | Marathon race |
| 9.30 | 10.30 | Speech & interaction |
| 10.45 | 12.15 | Speech & interaction |
| 14.30 | 18.00 | Group education programme fro Kutch ekkam Participants |
| 14.30 | 15.30 | Mahendi Competion |
| 14.30 | 15.30 | Face Painting Competion |
| 19.30 | 24.00 | Cultural Programme (fashion show) & Dandiay Ras competition |
| | | **4th Day Saturday 28th December - 20013** |
| 6.30 | 8.00 | 100 mtr & 100x4 relay race |
| 9.00 | 10.30 | Speech & interaction |
| 10.45 | 12.15 | Speech & interaction |
| 12.15 | 14.00 | Lunch break |
| **14.30** | **18.00** | **Abhivadan Samrambh** |
| 19.30 | 24.00 | Kutch Carnival at Dhordo |
| | | **5th Day Sunday 29th December - 2013** |
| 9.00 | 12.30 | Industrial Visit |
| 14.30 | 16.00 | Industrial Visit |
| 16.00 | 17.30 | Journey back to Gandhidham |

આ કાર્યક્રમો શિવાય પ્રદર્શની સ્પર્ધા પણ રાખવામા આવેલ છે. જેમાં પેઈન્ટીંગ, સ્ટેમ્પ કલેક્શન, કોઈન કલેક્શન ફોટોગ્રાફી પ્રદર્શની, ભરતગુંથણનાં વિવિધ નમુનાઓ અને અન્ય કોઈપણ સારા સંગ્રહના વિવિધ સ્ટોલ રાખવામાં આવસો, પ્રદર્શનિમાં ભાગલેવા ઈચ્છાનારે તા. ૩૦.૧૧.૧૩ સુધી વિગતો અમારી ઈમેલ આયડી પર મોકલી આપવે.

ખાસ નોંધ : આ કાર્યક્રમ વખતે શિયાળાની ઋતુ હોતા ગરમ કપડા આદિ સાધન સામગ્રી સાથે રાખવી.

**વ્યવસ્થા :**


**SHREE KDO JAIN KUTCH EKKAM**

C/o. Khimji Kunverji and Co, 1-2, 1st Floor, Neelam Complex, Plot No. 298, Ward 12/B, Gandhidham (Kutch) 370201

Email : kutchekkam@gmail.com

જય જય શ્રી આશાપુરા | જય જય શ્રી ચામુંડા | જય જય શ્રી સચ્ચાઈ માઁ

# કચ્છ કોઠારા સ્થાને ચામુંડામા ને નમતા મૈશેરી કુળના પરિવારજનો માટે

## આશાપુરા મા અને સચ્ચાઈમાના નામકરણ અને ભૂવાશ્રી કે ભોઈમાને જાગૃત કરવા

**કારતક સુદ ૧૨, બુધવાર, તા. ૧૩-૧૧-૨૦૧૩ થી કારતક સુદ પૂનમ, રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૩ સુધીનો**

# જાહેર મહોત્સવ કાર્યક્રમ

**કારતક સુદ ૧૧, બુધવાર, તા. ૧૩-૧૧-૨૦૧૩**

નવકારશી-બપોરની ચા : શ્રી ડુંગરશી ટોકરશી મૈશેરી - કોઠારા - મુલુંડ

બપોરનું જમણ : શ્રી માણેકજી પદમશી મૈશેરી પરિવાર - માંડવી

સાંજનું જમણ : શ્રી ઊમરશી મેઘજી મૈશેરી - લાલા

**કારતક સુદ ૧૨ ગુરૂવાર, તા. ૧૪-૧૧-૨૦૧૩**

નવકારશી-બપોરની ચા : શ્રી લાલજી દેવજી મૈશેરી - મોટી સિંધોડી
શ્રી રાઘવજી દેવજી મૈશેરી - મોટી સિંધોડી
શ્રી શા. ખીમજી રતનશી મૈશેરી-મોટી સિંધોડી

બપોરનું જમણ : શ્રી વિરચંદ લખમશી મૈશેરી લાલા-ભાડુંપ

સાંજનું જમણ : મા. મંજુલાબેન ત્રીકમજી મૈશેરી-મોટી સિંધોડી - થાણા

**કારતક સુદ ૧૩ શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૧૩**

નવકારશી-બપોરની ચા : શ્રી શામજી મેઘજી મૈશેરી પરિવાર-લાલા-વિરમગામ

બપોરનું જમણ : મા. માનબાઈ દામજી ખીંયશી મૈશેરી લાલા-મુલુંડ

સાંજનું જમણ : શ્રી ભરત નારાયણજી મૈશેરી-લાલા-ડોમ્બીવલી

**કારતક સુદ ૧૪ શનિવાર, તા. ૧૬-૧૧-૨૦૧૩**

નવકારશી-બપોરની ચા : શ્રી ગોવિંદજી આંણદજી મૈશેરી- લાલા
શ્રી લીલાધર આંણદજી મૈશેરી - લાલા-ઔરંગાબાદ

બપોરનું જમણ : શ્રી જેઠાભાઈ રાજપાર મૈશેરી લાલા - મુલુંડ

સાંજનું જમણ : માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી મૈશેરી મોટી સિંધોડી ડોંબિવલી

**કારતક સુદ પુનમ તા. ૧૭-૧૧-૨૦૧૩**

નવકારશી-બપોરની ચા : શેઠ લહેરચંદ નરશી મૈશેરી - મોટી સિંધોડી મુલુંડ

બપોરનું જમણ : શેઠશ્રી જયંતિલાલ માણેકજી મૈશેરી-માંડવી - મુલુંડ
હસ્તે જયાબેન રતિલાલ મૈશેરી તરફથી

**પાણીની પરબના દાતા પરિવાર**

માતુશ્રી શાંતાબાઈ અમૃતલાલ નેણશી મૈશેરી લાલા - અમદાવાદ
હસ્તે કમલેશ અમૃતલાલ મૈશેરી

**મંડપના દાતા પરિવાર**

શેઠશ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી - માંડવી - મુલુંડ

**ચંદીપાઠ અને શાસી પાઠના સજોડા**

૧) મહેશ રાઘવજી મૈશેરી - લાલા-ભાંડુપ
૨) ગુલાબ ભવાનજી મૈશેરી - લાલા-અમદાવાદ
૩) ભરત નારાયણજી મૈશેરી - લાલા-ડોમ્બીવલી
૪) નામ આવકાર્ય
૫) નામ આવકાર્ય

**સ્થાને દરરોજની સાંજની આરતીની ઉછામણીનો આદેશ દેવાશે નામકરણ અને ભૂવાશ્રીની નિમણુંક બાદ પ્રથમ માતાજીને નૈવેદ્ય ચડાવાનો આદેશ આપવામાં આવશે.**

**સૂચના :-**

૧) મહોત્સવ દરમ્યાન કોઈએ પણ કાળા કપડાં કે ઘૂઘરીવાળા ઝાંઝર પહેરવા નહીં.
૨) બહારગામથી કે ડાયરેક્ટ પધારતા ભાવીકોને અગાઉથી જાણ કરવા વિનંતી.
૩) વધુ વિગતની જાણકારી માટે કાર્યકરોનો સંપર્ક કરવો.
૪) અપીલ હર પરિવારોના ઘરમાંથી એક જણની પણ હાજરી હોવી જરૂરી છે.

## અંદાજીત કાર્યક્રમ

**તા. ૧૧-૧૧-૨૦૧૩....**મુંબઈથી ભૂજ રવાના સયાજી એક્સપ્રેસ ટ્રેન દ્વારા બપોરની ચા અને સાંજનું જમણ ટ્રેનમાં

**તા. ૧૨-૧૧-૨૦૧૩...**ગાંધીગ્રામ પહોચી બસમાં રવાના પંચતીર્થી માટે

૧) ભદ્રેશ્વર ૨) વાંકી ૩) ગુંદાલા (સચાઈમાતા અને રામદેવપીર મંદિર) ૪) બૌતેર જિનાલય (કોડાય) ૫) દેઢીયા

૧) સવારની નવકારશી માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી મૈશેરી મોટી સિંધોડી ડોંબિવલી

૨) બપોરનું જમણ - માતુશ્રી લક્ષ્મીબાઈ જીવરાજ મૈશેરી - સાંધાણ-ગોરેગામ હ. કિશોરભાઈ

૩) બપોરની ચા માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી મૈશેરી મોટી સિંધોડી ડોંબિવલી

૪) સાંજના ચોવિહાર - માતુશ્રી દમયંતીબેન ધનપતિ મૈશેરી - મોટી સિંધોડી-ડોંબીવલી હ. નૂતન ભાવેશ મૈશેરી

**તા. ૧૭-૧૧-૨૦૧૩, રવિવાર....**કચ્છ કોઠારાથી બપોરના રવાના : ૧) માતાનો મઢ દર્શન ૨) જગવલ્લભ પાર્શ્વનાથ દર્શન ૩) જખ્ખ બૌતેરા ભૂજ રેલ્વે સ્ટેશન થી રાત્રે સયાજી એક્સપ્રેસ ટ્રેન દ્વારા રવાના, **તા. ૧૮-૧૧-૨૦૧૩** બપોરનું જમણ (વલસાડ) ટ્રેનમાં આવવામાં આવશે.

**દરેક જણની આવવાની અને જવાની ટિકિટો આવી ગયેલ છે અને આપનો આયડેન્ટિટી કાર્ડ અથવા ફોટાવાળો પ્રુફ સાથે રાખવા વિનંતી.**

**લી. : ચામુંડામાતા પહેડી કમીટી કાર્યવાહક સંપર્ક ઓફિસ : મુકેશ દામજી મૈશેરી**

C/o. સ્વસ્તીક ઓક્ટ્રોય સર્વીસ, ૧૦/એ, સી-વીંગ શ્રીરામ મંદિર સોસા., એલ.બી.એસ. માર્ગ, મુલુંડ ચેકનાકા, મુલુંડ (વે).
સંપર્ક : ૨૧૬૪ ૯૯૬૩, ૨૧૬૪ ૯૨૫૯, ૯૩૨૩૯ ૪૯૯૬૩, ૯૮૨૦૪ ૨૨૨૯૧




## મેરા ભી એક ઘર હો

પ્રકાશ સમીક્ષા અંક ૩૪માં કુલીનભાઈ લુઠીયાનો ઉપરોક્ત લેખ વાંચ્યો. જ્ઞાતિના ઘણાં લોકો દરિદ્ર રેખાથી નીચેનું જીવન જીવે છે. નિમ્નસ્તરના વિસ્તારોમાં ભાડાની જગ્યા લઈને પણ રહે છે. વિઠ્ઠલવાડીમાં નાની નાની સાંકડી ગલીઓમાં ચાલીઓમાં ભાડાના ઘરમાં અનેક કુટુંબ વસવાટ કરે છે. તેમજ બીજા ગામોમાં પણ ૧૦માંથી એક કુટુંબ આવી સ્થિતિમાં રહેતું હશે.

અનેક ગામોમાં જ્યાં અબજોપતિ કરોડપતિ જ્ઞાતિજન રહે છે ત્યાં આવા નાના માણસો પણ રહે છે.

હાલમાં પ્રકાશ-સમીક્ષામાં અલ્પસંખ્યક જૈન નો લેખ વાચ્યો. એમાં દેરાસર માટે જમીન જોઈએ તો અલ્પસંખ્યકોને અનુદાન મળે એમ જાણ્યું. વારંવાર નવા નવા દેરાસરો સ્થાપિત કરવા પાછળ હેતું શું? રાજસ્થાન મેવાડમાં કુંભલગઢમાં ૩૦૦ જૈન મંદિર બંધ પડયા છે! એને ખોલાવવા જોઈએ.

એક વિશાળ દેરાસર બનાવવાને બદલે ૧૦ ગરીબોને ૨ રૂમના ઘર મળી જાય તો એક મહાન કાર્ય થઈ જાય!

અમારા ગામમાં એક દિગમ્બર જૈન ભાઈ ને જોઈ છે જે ઘર-ઘર જઈને વાસણ સાફ કરે છે. આવા અનેક લોકો છે જેને ખરેખર મદદની આવશ્યકતા છે.

સમાજ સેવક કુલીનકાંતભાઈ અને અન્યો આ દિશામાં આગળ વધે તો ખુબ મોટી સમાજ-સેવા થાય. ગરીબ જ્ઞાતિજન સપનોના ઘરમાંથી હકીકતના ઘરમાં આવી જાય.

*- નાગપૂર    સૌ. પુનમ (ખમા) પ્રફુલ મોમાયા*


તમારા જીવનના સર્વે શુભ પ્રસંગમાં
સહભાગી થવા ઉત્સુક
રિશી ફુડસ એન્ડ સર્વિસ
સદા સર્વાંગી સેવા કરીને
ધન્યતા અનુભવશે

Rishi Foods
We Cater all Types of Veg. Cuisine
(Maxican - Italian - Burmese etc.)

Chintan Shah (Lodaya) : 9619681919 Tel.: 022- 321 09097
Email : chintan_shah72@yahoo.com
Office : Sardar Pratap Singh Industrial Estate No. 3,
Shop No. 7, Opp. Panalal Compound,
L.B.S. Marg, Bhandup (West) Mumbai - 400 078


## જાુઠને જાકારો કેમ?

સમાજની સધ્ધરતા, સજ્જનતા, સાધાર્મીકતા અને સમભાવનાનો ઈતીહાસ આજે અદ્રષ્ય થતો જાય છે, યા તો તેવી ભાવના લુપ્ત થઈ ગઈ હોય એમ કહીએ તો અયોગ્ય નહી ગણાય!

સમાજની મહાજનવાડીઓમાં થતા લાડુ ભજીયાના ભોજનો કે ખરચ જમણવારમાં જ્ઞાતિના સૌ પરિવાર જમણવારમાં જમ્યા પછી દાળભાત પીરસાય તે પહેલાં સમાજના કાર્યકરો એક થાળીમાં જુઠ માંગવા નિકળે, (જુઠ) એઠું મુક્યું હોય તેવા મીઠાઈ ફરસાણના કટકાઓ ભેગા કરવામાં આવે અને જે છેલ્લી પંગત સમાજના શેઠીયાઓ આગેવાનોની બેસે અને તેમાં પ્રથમ સમાજની જૂઠ પીરસવામાં આવે


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

એટલે સમાજે મીઠાઈ ફરસાણ એઠું મુક્યું હોય તે સમાજના સૌ આગેવાનો સામેથી માંગણી કરતા હજી જૂઠ કેમ નથી આવી? એ શબ્દ શ્રીમતી ભારતીબેન ભાગચંદભાઈ જૈન પરિવાર તરફથી નિકળેલ, અમદાવાદ પાલીતાણા છરી પાલીત સંઘમાં સાંભળવા મળ્યો. અરે, સમાજના પગ ધોઈ અને એ પરિવારે પીધા જે મહાનતા આજે અદ્રષ્ય કેમ થઈ જવા આવી? જેને લીધે સમાજની ઉમદા ભાવના ફરી લુપ્ત થયેલી બચાવીએ જેથી જેના અન્ન ભેગા તેના મન ભેગા આમ થાય તો સમાજ માટે ભલું ગણાશે અને સારૂં વિચારવાનો અવસર પેદા થશે.

આજે અગ્રીમ હરોળમાં વી.વી.આઈ. પી. સુવિધા અલગથી તથા પ્રથમ નામ પોતાનું જ હોવાનું પોતાની વધુને વધુ પબ્લીસિટી તથા સમાજમાં વારસાગત સ્થાન એ કેટલે અંશે યોગ્ય છે? અથવા પોતાના હજુરીયા વાહ વાહ દરેક સંસ્થાઓમાં પોતાનું સ્થાન કે પછી પોતાના મળતીયાઓને સ્થાન સારા સાચા કાર્યકરોની ઉપેક્ષા સમાજને ક્યાં જઈ પહોંચાડશે! આવો, ભાતૃ ભાવના વધે તેવા પ્રયાસો કરીએ.

સમાજ માટે નેક બની નાનાને સ્થાન આપીએ, મહાન બનાવીએ અને કોઈકનું સારું કરીએ. ગળાકાપ હરીફાઈ, ટાંટીયા ખેંચ હરીફાઈનો અંત લાવીએ, કોઈકનું વસાવીએ. સમાજને રાજકીય - સમાજીક સ્થાને પુનઃ સ્થાન અપાવીએ, જે ૧૨-૧૨- ગામો માં ૫૨ ગામોમાં ફકત ને ફકત શ્રી ક.દ.ઓ. અગ્રીમ ગણાતા સરપંચથી માંડી ઉંચા સ્થાનને નિસ્વાર્થ ભાવે સમાજ સેવા કરતા. કૈકનું ભલું કર્યા પછી જ અન્ન ગ્રહણના હઠીલા નિયમો અને સમાજના દાનવીર દાતાઓની ઉંચી કારકીર્દી આજે પણ શક્ય છે. પણ મારૂં શું (પાંજો કુરો) ની ભાવના હટાવીએ.

શુભ થાઓ આ સકલ સંઘનું એવી ભાવના ભાવીએ.

***- તા. ૨.૧૧.૧૩ ગાંધીધામ લબ્ધિકુમાર બી. મોમાયા***

**૪૦વખત રક્તદાન કરવા બદલ સન્માન**

સતીષકુમાર હંસરાજ વેરશી નાગડા (કચ્છ પરજાઉ હાલે તીરૂપુર)ને ૪૦ વખત બ્લડ ડોનેશન કરવા બદલ ૨જી ઓક્ટોબરનાં મદ્રાસમાં ગર્વનરના હાથે શિલ્ડ તથા સર્ટીફીકેટ સન્માનીત કરવામાં આવ્યા છે. તેઓ એઈડસ સોસાયટી ઓફ તામીલનાડુ મદ્રાસ તરફથી પણ મેડલ અને સર્ટીફિકેટથી સન્માનીત થયેલ છે. તેઓ તામીલનાડુ તીરૂપુરમાં મુયરછી સંસ્થા સાથે જોડાયેલછે. તેઓ જેમને જરૂર હોય તેમને લોહી મેળવવામાં મદદરૂપ થાય છે.


શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ નમઃ શ્રી શામળીયા પાર્શ્વનાથ નમઃ

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - તેરા - એવમ્ શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ - મુંબઈ

**તેરા તીર્થે ચાતુર્માસ અનુમોદનાર્થે ત્રિહાન્કિા મહોત્સવ**
**કારતકસુદ - ૧૨-૧૩-૧૪ તારીખ : ૧૪-૧૫-૧૬ નવેમ્બર - ૨૦૧૩**

શુભ નિશ્રા :- પ.પુ. વિદુષી સાધ્વી શ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના. - સુશિષ્યા
પ.પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.આદિ ઠાણા - ચાર

**શ્રી. કચ્છીદશા ઓસવાલ જૈન મહાજન - તેરા - તથા શ્રી. તેકુલાધુ જૈન યુવક સંઘ - મુંબઈ ના ઉપક્રમે ચાલુ સાલે ભવ્ય ચાતુર્માસની ઉજવણીના અનુમોદનાર્થે એક ત્રિહાન્કિા મહોત્સવ નું આયોજન ગોઠવવામાં આવેલ છે. જેમાં સર્વે ભાવીકોને ભાગ લેવા સહર્ષ આમત્રંણ પાઠવીએ છીએ.**

**મહોત્સવની રૂપરેખા**

૧. કારતકસુદ - ૧૨ - ગુરુવાર - તા. ૧૪-૧૧-૧૩ શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા બપોરે - ૨/૩૦ કલાકે

૨. કારતક સુદ - ૧૩ શુકવાર તા. ૧૫/૧૧/૨૦૧૩ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન બપોરે ૧૨/૩૯ કલાકે

૩. કારતક સુદ - ૧૪ શનિવાર તા. ૧૬/૧૧/૨૦૧૩ શ્રી સિધ્ધચક્ર મહાપુજન (લઘુ) બપોરે ૧૨/૩૯ કલાકે

વિશેષમાં :- કારતક સુદ - ૧૫ - રવિવાર તા.૧૭/૧૧/૨૦૧૩ રાબેતામુજબ સામુહિક સ્નાત્રપુજા,
અને - શ્રી સધ્ધાચલ ભાવયાત્રા કારતક વદ -૧- સોમવાર તા. ૧૮-૧૧-૨૦૧૩ ચાતુર્માસ પરિવર્તન...

* રોજ સવારનાં ૯/૦૦ કલાકે વ્યાખ્યાન * બન્ને ટાઈમની સાર્ધમિક વ્યવસ્થા શ્રી. સંઘના રસોડે રાખવામાં આવેલ છે.
* શ્રી ક.દ.ઓ. જૈન મહાજન તેરા તથા શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ - મુંબઈના જયજીરાવલ્લા / જય શામળીયા



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત
કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૪૦)
**- સોમ ધરમશી** (કચ્છ)-09726776627

***'હયાતી કતાંએ 'તેજ' જાધ તાતી***
***ભુલેજી કરીયું, તા ભુલાજે કિડાંતી'***

શબ્દાર્થ : હયાતી = જિંદગી, જાધ = યાદ, તાતી = તીખી, તિક્ષ્ણ

**ભાવાર્થ:** જીવનની ક્ષણભંગુરતા ઉપર ઘણું બધું લખાયું છે. આ પુથ્વી પર દરેક અવતરનારને અસ્ત પામવાનું છે. વ્યક્તિ હયાત હોય તે કરતાં પણ મૃત્યું પછી તેની યાદો સ્મૃતિપટ પર પથરાતી રહે છે તેની મર્મભરી વાતો ઉપરની પંક્તિઓ દ્વારા સમજાવી જાય છે.

ઉર્દુના મહાન શાયર (ગાલિબના સમકાલીન) શૈખ ઈબ્રાહિમ 'જોક'ના આ જીવન વિશેના એક શેરથી વાત શરૂ કરીએ.

**'લાયી હયાત આયે, કજા લે ચલી, ચલે,**
**અપની ખુશી ન આયે, ન અપની ખુશી ચલે'**

આ જિંદગીની રંગભુમિ પર આપણે આપણી મરજીથી અવતરતા નથી તેમજ વિદાય લેતા નથી. કેટલાક આ રંભભુમિ પર સતકાર્યો રૂપી અભિનયનાં ઓજસ પાથરી કિર્તીમાન બની જાય છે. તો કેટલાક દુષ્કાર્યોનાં કારણે અપજશ અને ટીકાને પાત્ર બને છે. કલાકાર બન્ને રીતે આપણને યાદ રહી જાય પણ સુંદર અભિનય કરી જનાર વર્ષોના વર્ષો સુધી આપણા મન ઉપર છવાઈ જાય છે.

કવિ શ્રી તેજની ઉપરની બે પંક્તિઓ જિંદગીની સફળતાનાં રહસ્યો ને ઉઘાડતાં તેનો મર્મ બે પંક્તિ ઓમાં સમજાવી જાય છે. વ્યક્તિ જ્યારે હયાત હોય છે રોજબરોજનાં પ્રસંગોમાં તેમની સાથે આપણો પનારો પડતો હોય છે. ત્યારે તેમનાં સદગુણો, સારા કાર્યો આપણા ધ્યાનમાં આવતાં નથી પણ એ વ્યક્તિ જીવનસાગર પાર કરી કિનારો ઓળંગી જાય છે ત્યારે તેના સુકાર્યો, સદગુણો તેના અનુપમ વ્યક્તિત્વની યાદો આપણા મનને વીંટળાઈ વળે છે. તેમની યાદો ને તેમની વર્તાતી ખોટને ભુલવાનું કરીએ છીએ પણ એ યાદો સ્પ્રિગંની માફક ઉછળી ઉછળી આપણાં માનસપટ પર છવાઈ જાય છે. આમ થવાનું કારણ છે એ વ્યક્તિનું નિર્મોહીપણું, તેમની વ્હાલપ અને તેમનું અનોખું અનુપમ વ્યક્તિત્વ જે સુકાર્યોથી સભર હોય છે.

## દ્વિતીય પુણ્યતિથીએ વ્હાલા પિતાશ્રીને ભાવભીની શબ્દાંજલી



## સ્વ. શ્રી નવીનચંદ્ર કલ્યાણજી છેડા

| જન્મ | દેવશરણ |
|---|---|
| તા. ૯.૪.૧૯૩૯ | તા. ૧૧.૧૧.૨૦૧૧ |
| (વારાપધર) | (ભાંડુપ) |

### પિતૃવંદના

પસાર થયા મહિનાઓ,
વર્ષના યે બે વર્ષ થયાં.

છતાંયે, હા ! છતાંયે,
ભીનાશ પડી છે હૃદય મહીં.

આંખોના અશ્રુ લૂછી લીધા પણ,
અંતરના અશ્રુ વહેતાં જ રહ્યાં.

પ્રેમની સાંકળ બન્યા છે સ્મરણો,
એક - એક કરી જોડાઈ રહ્યાં.

પિતા આપના સ્નેહબંધનો,
તાણાં - વાણાં બની, હૃદયે ગુંથાઈ રહ્યાં.

પળ - પળ વિતે, વિરહ વછૂટે,
સંભારણા બન્યા જીવનની આશ.

સહુથી પ્યારા, સહુથી ન્યારા,
પિતા 'પ્રિય એવા તાત' અમારા.

થયા દેહથી આતમ જુદા,
**'નવિન'** દેહને ધારણ કરવા.

પિતા અમારા જ્યાં હો ત્યાંથી,
કરજો આશિષ **'વર્ષા'** અપાર.

શોકાતુર
**પુત્રવધુ - પુત્ર : સૌ. વર્ષા જયેશ છેડા,**
**સૌ. દેવિકા વિજય છેડા.**
**પૌત્ર - પૌત્રી : જય, ચાર્વિ.**

## ક.દ.ઓ. જૈન મુંબઈ મહાજન પ્રેરિત શેઠશ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટે અન્ય જ્ઞાતિસંસ્થાઓને ૧૦૦% જ્ઞાતિજનોને મેડિકલેમમાં આવરી લેવા અનુરોધ કર્યો

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મુંબઈ મહાજન પ્રેરિત શેઠ નરશી નાથા મેડિકલ ટ્રસ્ટે જ્ઞાતિના અન્ય મહાજનો/મંડળો ટ્રસ્ટોને મોકલાવેલ તા. ૧૫.૧૦.૧૩ના પત્રમાં જણાવવામાં આવ્યું છે કે જો ૧૦૦% જ્ઞાતિજનોને મેડિકલેમના વીમા છત્રમાં આવરી લેવાય તો જ્ઞાતિજનોને તબીબી સહાય માટે ખર્ચવી પડતી રકમ ન જેવી કરી શકાય તે માટે તેમણે સર્વ મહાજનોને પોતપોતાના અધિકારક્ષેત્રમાં આવતા જ્ઞાતિજનોને મેડિકલેમ છત્રમાં આવરી લેવા અનુરોધ કર્યો છે.

ટ્રસ્ટે પત્રમાં પોતે પોતાના અધિકાર ક્ષેત્રમાં આવતા અને મેડિકલેમ છત્ર ન ધરાવતા જ્ઞાતિજનોને રાહત દરે - જરૂર પડે પુરી સહાયથી જે મેડીકલેમ પોલીસી લેવડાવી રહયા છે તેની પણ જાણકારી આપી છે.

આ જાણકારી મુજબ માત્ર રૂા. ૧૭૪૯નું વાર્ષિક પ્રમીયમ ભરીને જ વ્યક્તિના કુટુંબને મેડીકલમે છત્ર અપાવી શકાય છે.

ટ્રસ્ટે પસંદ કરેલ પોલસી ૩ માસથી ૧૯ વર્ષ સુધની વ્યક્તિ માટે મેડિકલ ચેકઅપ કરાવ્યા સિવાય લઈ શકાય છે. ટ્રસ્ટે ટી.પીએ/ વિમા કંપની પાસેથી કલેમ મેળવવા માટે ખાસ વ્યવસ્થા કરી છે.

શેઠશ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટે આ પ્રવૃત્તી હાથ ધરવા માંગતી જ્ઞાતિ સંસ્થાઓને સલાહ અને સમર્થન આપવાની ખાતરી આપી છે.

## હાડકા - કિડની - લિવર - સ્કિનની તકલીફો માટે હોમિયો પેથીક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને જી.વી.સી. સંઘના સથવારે તારીખ ૨૨-૧૧-૨૦૧૩ ના સવારે ૧૦.૦૦ થી બપોરના ૩.૦૦ દરમ્યાન અનંત છાયા, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટમાં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રી અજયભાઈ લોડાયા, મોબાઈલ નંબર : ૯૮૯૨૩૭૨૭૭૭ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન રૂ ૫૦. ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગનો હોમિયોપેથિક મેડીકલ કેમ્પ શનિવાર તારીખ ૨૩-૧૧-૧૩ના સવારના ૧૧.૦૦થી બપોરના ૪.૦૦ વાગે તથા રવિવાર તારીખ ૨૪-૧૧-૨૦૧૩ ના સવારના ૯.૦૦થી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર ચેમ્બુર ખાતે યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોબાઈલ નંબર ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**સુચના : અંકો મોડા મળતા હોય કે ન મળતા હોય કે એક સાથે બે-ત્રણ અંકો મળતા હોય તો સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખિત ફરિયાદ કરી, મુંબઈ જી.પી.ઓ.ને તેની એક નકલ મોકલવી. પોસ્ટ ખાતાની બેદરકારી તથા નિષ્ક્રિયતા અંગે અન્ય પ્રકાશનોની જેમ અમે પણ લાચાર છીએ. જ્ઞાતિજનોએ મોકલેલ લેખો કે ચર્ચા પત્રોના સ્વિકાર - અસ્વિકાર બદલ કે અન્ય સુચન - ફરિયાદ બાબતે પત્રવ્યવહાર શક્ય નથી. - વ્યવસ્થાપક**

## મરમજા મોતી : ૯માં પાના પરથી

કવિ કબીરજીની પંક્તિઓ પણ ઉપરનાં સંદર્ભે યાદ આવે છે. જે ઉત્તમ સંદેશો આપે છે તેને સ્મૃતીના આધારે અહીં ઉતારું છું.

**'જબ તુ આયા જગમેં, જગ હસે તુ રોયે,**
**કરણી એસી કર ચલો, તુ હસે જગ રોયે,'**

ગુજરાતી ગઝલનાં શાયર શ્રી ગની દહીંવાળા પોતાની અપ્રતિમ શેર રચનામાં આવું જ કંઈક મમળાવે છે:

**'જિંદગીનો એજ સાચોસાચ પડઘો છે ગની**
**હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાય કરે'**

કવિ તેજની મર્મીલી વાણીને આપણા જીવનનું લક્ષ્ય બનાવી સુકાર્યોથી મધમધતું બનાવી એ કે આપણી ગેરહાજરીમાં પણ એનો પમરાટ પ્રસરી રહે અને આ જિંદગી વેડફાઈ જવાનો અફસોસ ન રહે.

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કોપલમાં પર્વ પર્યુષણ આરાધના

કોપલમાં પર્યુષણનીમાં રોજ સવારે પ્રક્ષાલ, પુજા, સ્નાત્રપુજા અને બપોરના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા તેમ જ રાત્રે પ્રભુભક્તિ રાખવામાં આવેલ.

ભાદરવા સુદ બીજના વીર જન્મ વાંચન સાંભળતા પ્રભુજીનું પારણું પધરાવનાર ભાગ્યશાળી શ્રી રાયચંદ ગોવિંદજી નાગડા (નલીયા) પરિવારે લીધેલ.

અહીં મુનિસુવ્રત સ્વામીનું શ્વેતાંબર જૈન દેરાસર છે. અહીં કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના ૪ ઘર છે. અ.સૌ. યશોદા જગદીશ નાગડા (નલીયા) ના પુત્રવધુ અ.સૌ. સ્નેહલ હિતેશ નાગડા એ (૩૧ ઉપવાસ) માસખમણની આરાધના સુખશાતા રીતે પૂર્ણ કરેલ છે. આમ તેઓ એ ૨૦૧૧ ના વર્ષમાં પર્યુષન પર્વમાં ૧૬ ઉપવાસની તપસ્યા પરિપૂર્ણ કરેલ. અને આ વર્ષે અઠમ તપ કરનાર શ્રી મિતેશ જગદીશ નાગડા અને અ. સૌ. દિપ્તી કમલેશ નાગડા એ કરેલ.

## શ્રી. ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ

રવિવાર તા. ૧૫-૯-૧૩ નાં ચૈત્ય પરિપારી નિમ્મિત્તે હુબલી જવાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૧૯ ભાઈ-બહેનો જોડાયા હતા. હુબલી મધે પૂ. સાધ્વી શ્રી સમયગુણાક્ષીજી મ.સા. તથા પૂ. સાધ્વી શ્રી શ્રુતગુણાશ્રીજી મ.સાનાં. દર્શન વંદન કરી, વ્યાખ્યાન વાણીનો લાભ લીધો હતો. હુબલી મહાજનશ્રીનાં માનદ મંત્રી શ્રી ભરતભાઈ ખીમજી મોમાયાનું ગદગ મહાજનશ્રી તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. અને ગદગ મહાજનશ્રી તરફથી રૂ. ૧૧૦૦૧ હુબલી મહાજનશ્રીને ભેટ આપવામાં આવ્યાં હતો. ત્યાર બાદ વિવિધ સ્થળે આવેલા કુલ ૮ દેરાસરોમાં દર્શન કરી ચૈત્ય વંદન કર્યું હતું. બપોરનાં જમણ તથા સાંજનાં ચઉ વિહારની સુંદર વ્યવસ્થા હુબલી મહાજનશ્રી તરફથી કરવામાં આવી હતી.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ અમલનેર

તા. ૮-૧૦-૨૦૧૩ ને નવરાત્રીની મહાકાલી માતાજીની ભાવના હંસાબેન લોડાયા તરફથી ભણાવવામાં આવી. બહેનોએ ગીતોની સારી રમઝટ જમાવી. એમના તરફથી વાટકાની પ્રભાવના થઈ.

તા. ૧૨-૧૦-૨૦૧૩ ના રોજ માતુશ્રી વનીતાબેન નરેન્દ્ર લોડાયાના ઘરે ભાવના ભણાવવામાં આવી. બહેનોએ રાસ ગરબાની સારી રમઝટ જમાવી.

માતાજીને ચુંદડી ચડાવવાનો લાભ સૌ. ધનવંતી શાંતિલાલ લલોડાયાએ લીધેલ. તા. ૧૩-૧૦-૧૩ ને દરોરાના દિવસે મંડળની મિટીંગ સીમાબેન લોડાયાના ઘરે યોજાઈ.

## કચ્છી જૈન સમાજના મેડીકલ સેન્ટરના નવીનીકરણનો ઉદઘાટન સમારોહ...

અમદાવાદના પાલડી વિસ્તારમાં છેલ્લા ૧૬ વર્ષથી ચાલતા સમાજના મેડીકલ સેન્ટરનો નવીનીકરણ બાદ રવિવારે તા ૨૦ ઓક્ટોબરના રોજ ખુલ્લું મુકાયેલ છે. કચ્છ અને કચ્છના લોકો જો તેમના વેપાર અને ધંધા તેમજ સાહસિક વૃત્તિ માટે જાણીતા છે તો તેમની દયા અને સેવાની પ્રવૃત્તી માટે પણ એટલાજ પ્રખ્યાત છે.

કચ્છીઓ અમદાવાદમાં પણ મેડીકલ સેન્ટર દ્વારા આસપાસના વિસ્તારના લોકોને સારી મેડીકલ સુવિધા નજીવા દરે પૂરી પાડે છે.


**આકર્ષક પેકેજ રૂા. ૭૦૦માં**
બ્લીચ, ફેસિયલ, મેનીક્યોર, પેડીક્યોર, ઓઈલ મસાજ, હરપેક, વેક્સીંગ, આઈ બ્રો, અપર લીપ્સ, ચીન.
સંપર્ક : ૯૦૨૨૧૫૯૦૨૨ , ૯૫૯૪૫૨૨૨૨૭

**અસલ કલા-કસબનો સમન્વય**
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

૨૬ મી જાન્યુઆરી ૧૯૯૭ ના રોજ આ મેડીકલ સેન્ટરની શરૂઆત થઈ હતી, ત્યારે માંડ ૩-૪ શાખાઓ હતી જેનો ઉત્તરોત્તર વિકાસ થયો છે અને આજે આ સેન્ટરમાં ૨૮ જેટલી વિવિધ શાખાઓ ચાલે છે. તેમજ ૫૬ જેટલા ડોકટરો સેન્ટરની વિજીટ કરે છે. રોજ ૪૦૦થી વધુ ઓ. પી. ડી. રહે છે. વર્ષના લગભગ ૧૪૦૦૦૦ જેટલા દર્દીઓ સેન્ટરની સુવિધા નો લાભ લે છે. પાલડી અને આસપાસના વિસ્તારને નજીવા દરે સુવિધા આ સેન્ટર પૂરી પાડે છે. સમાજના ૭૫૦ જેટલા કચ્છી જૈન સભ્ય પરિવારોને બહુ જુજ દરે સુવિધાનો લાભ મળે છે.

સેન્ટરમાં આધુનિક રીતે મેડીકલ ચેક અપની સુવિધા ખુબ નજીવા દરે આપય છે. નવીનીકરણ માં સેન્ટરને વાતાનુકુલિત કરાયેલ છે અને રીનોવેટ કરી કેટલીક આધુનિક મશીનરી વસાવવામાં આવેલ છે.

નવનીત પરિવારે અને સાવલા પરિવાર તેમજ અન્યોના દાનથી આ કાર્ય શક્ય બન્યું છે. સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ અમદાવાદના આ કચ્છી જૈન સમાજની વિવિધ પ્રર્વૃતિઓનો ખ્યાલ આપ્યો હતો. ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ચંદ્રકાંત દેઢીયાએ મેડીકલ સેન્ટરની વિસ્તારથી જાણકારી આપી હતી.

આ સેન્ટરના કાર્યમાં ભારે જેહમત ઉઠાવવા બદલ સમાજના મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ નું સન્માન કરવાંમાં આવ્યું હતું. સમારંભમાં ભૂતપુર્વ મંત્રીશ્રી એવા કચ્છના અગ્રણી શ્રી બાબુભાઈ શાહ, ઉદ્યોગપતિ શ્રી વાડીલાલ સાવલા, તેમજ મુંબઈ થી ઉદ્યોગપતિઆ શ્રી દિપક ભેદા, શ્રી શાંતિલાલ મારૂ વગેરે અગ્રણીઓ અતિથિ બન્યા હતા. મુંબઈના સેવાભાવી ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંત ગોગરીએ પ્રાસંગિક પ્રવચન ક્ર્યું.

આ પ્રસંગે કચ્છી જેન સમાજના સ્થાનિક ભાઈબહેનો અને કચ્છી અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કોઠારામાં પર્યુષણ

શ્રી કોઠારા જૈન મિત્ર મંડળના ઉપક્રમે હર હંમેશા મુજબ પયર્ષણ પર્વ બાદ સતત ૩૪ માં વરસે ભારતભરમાં વસતા ગામવાસીઓ અને નિયાણી ઓનું રવિવાર તા. ૨૯-૧૦-૧૩ ના જૈનમ હોલ ભાંડુપ મધો સામુહિક ક્ષમાપના સ્નેહ મિલન સ્વામીવાત્સલ્યજમણ તપસ્વી બહુમાન અને શૈક્ષણિક સન્માન સમારંભ કરવામાં આવેલ.

સમારંભ પ્રમુખ સ્થાને શ્રી શરદભાઈ માણેકજી રતનશી ખોના તથા અતિથી વિશેષ પદે શ્રી ભદ્રેશભાઈ મુરજી ખેનશી પટેલ સાંચરાવાળાએ શોભાવેલ. કોઠારા દેરાસર તથા ટ્રસ્ટીઓ મહાજન પ્રમુખ શ્રી તથા મંડળના પ્રમુખ - ઉપ પ્રમુખ તત મંડળના પ્રમુખ-ઉપપ્રમુખ મંત્રીવાળે તથા મહિલા મંડળના પ્રમુખ શ્રી વિશેષ સન્માનીત વિરાજ લાપસીયા મંચ પર બીરાજમાન થયે.

નવકારની ધૂન શ્રીમતી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ વિકમશી દ્વારા કરવામાં આવેલ.

## નલીયામાં ધર્મઆરાધના

પ. પુજ્ય સાધ્વી શ્રી દિવ્ય કીરણાશ્રીજી આદિ ઠાણા ૩ની નિશ્રામા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ (મહાજન) વતીથી નલીયા (કચ્છ) માં ચાર્તુમાસ આરાધનાઃ ભા.સુદ પુન અચલગચ્છાધિપતી પ.પુ.આભ. શ્રી ગુણોદય સાગર સુરિશ્વરની મ.સા.ના. ૮૨ મા જન્મોસ્તવ નિમિત્તે દેશાવગાસિક સામાઈક સહ ગુરુવંદના મા સમાસ શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પુ.આ. શ્રી ગુણસાગર સુરીશ્વરજી મ.સા. નો ૨૫ મી સ્વર્ગારોહણ તીથી નિમિત્તે અહમ તપ તથા સહ ગુણ પુજન

આસોસુદ સંઘ તરફથી અનુષ્ઠાન શ્રીમતી વિજયાબેન અશોકભાઈ મોમાયા વતી થઈ. આસોમાસની શાશ્વતી ઓળીના દાતા નવલભાઈ જીવરાજ લોડાયા તથા સંઘ માતા સરલાબેન લક્ષ્મીચંદ નાગડા ઘાટકોપર વાલા છે.

પુજ્ય મ.સા. રોજ બપોરે સિધ્ધચક્રની વાસક્ષેપ દ્વારા આરાધના કરાવી રહ્યા છે. બાલકો માટે હર રવિવારે શિબીર ચાલુ છે બપોરના સમુહ સામાઈક થાય છે. આસો સુદ ૮ આઠમના ૩થી ૫ ખુબજ સારી રીતો અનો સારી સાંખ્યા મા અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાલી માતાની ભાવના કરવામાં આવી હતી. આસોવદ ૨ના સિધ્ધચક્ર પુજન યોજાયું.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુન્ડ

મંડળ દ્વારા આયોજીત અચલગચ્છાધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાલી માતાજીની ભાવના તા. ૧૦-૧૧-૨૦૧૩ ના શ્રી વાસુપુજ્ય જિનાલયે યોજાઈ. જેનો લાભ શ્રી ટોકરથી દામજી ધરમશી પરિવાર - જશાપર વાળાએ લીધેલ છે.

આગામી ભાવના તા. ૧-૧૨-૧૩ ના છે. જેનો લાભ માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી પરિવાર

લાલાવાળાએ લિધેલ છે.

## મોમાઈ મા નાગડા પરિવાર - રંગપૂર

શ્રી મોમાઈ નાગડા પરિવાર યુવક મંડળ દ્વારા આયોજિત રંગપુરમાં બિરાજમાન નાગડા કુળના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની દ્વિતીય સમુહ પહેડી રવિવાર તા. ૫-૧-૨૦૧૪ ના સવારે ૮:૦૦ કલાકથી શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ (ભાંડુપ) મધ્યે આયોજિત કરેલ છે.

આ શુભ અવસરે નાગડા પરિવારના સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનોને સહપરિવાર ભક્તિ-દર્શન-આરતી-પ્રસાદીનો લાભ લેવા યુવક મંડળ તરફથી સ્નેહભર્યું આમંત્રણ છે.

## અમરાવતીમાં નવરાત્રીની ઉજ્વણી

હમેશ મુજબ નવરાત્રીની ભક્તી ભાવવા શ્રીમતી ધનલક્ષ્મીબેન નવીનચંદ નાગડાના ઘરે રાખવામાં આવેલ. ૩૯ વર્ષ થયા અવિરત ચાલુ છે.

દરરોજ જાુદાજાુદા ભાવિકો તરફથી આરતી પ્રસાદ થાયછે વચ્ચે અવારનવાર બે બે પ્રસાદ ભાવિકો કરતા હોય છે - છેલ્લા દિવસે - અગાસી ઉપર રાસ-ગરબા રમાય છે- ભકિત ભાવનામાં કચ્છી, ગુજરાતી તથા મારવાડી સમાજ ભાગ લેતા હોય છે.

ભક્તિ ભાવના રમઝટ શ્રી શ્રેયાંસ મંડળના મુકેશ ભાઈ શાહ, પ્રકાશ ભંડારી અને બહેનો રમઝટ બોલાવે છે.

વ્યવસ્થા મનીષ દંડ દવારા કરવામાં આવેછે. ઢોલકની થાપ રમેશ દંડે જમાવેલ. છેલ્લા દિવસે- લાડુશેવ ઉપરાંત પેંડાનો પ્રસાદ કરેલ હતો-બધાના હાથમાં દિપક આપી આરતી ઉતારવામાં આવેલ.

## અમરાવતીમાં અઢાર અભિષેક

આગામી વર્ષે ૦૪.૦૨.૨૦૧૪ના અઠાર અભિષેક અને તા. ૫.૨.૨૦૧૪ વાર્ષીક ધ્વજા મહોત્સવ નું આયોજન કરેલ છે. સર્વ ગામવાસીઓ અને નિયાણી બહેનોને લાભ લેવા વિનંતી.

## ગૃહલક્ષ્મી મંડળ - ચાલીસગામ

સૌ. નિલમબેન દલેશભાઈ મોમાયા ની અધ્યક્ષતા સાથે સૌ. દિપાલીબેન ધનપતીભાઈ રતાણીના નિવાસસ્થાને ગૃહલક્ષ્મી મંડળની મિટીંગ બોલાવવામાં આવેલ. મિટીંગ પ્રાર્થના તથા નવકાર મંત્રના જાપથી શરૂ કરવામા આવેલ. મિટીંગમાં મંડળના બહેનોની સારી સંખ્યામા હાજરી હતી.

શ્રીમતી જયાબેન જવેરચંદ મોમાયાએ ધર્મબદ્દલ માર્ગદર્શન આપેલ.

સૌ. તીલોતમાબેન રાજેન્દ્ર લોડાયા એમને બધાની ગાથાલીધી

માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા આયોજીત સમેતશિખરજી યાત્રાની પૂર્વ તયારી માટે ચર્ચા વિચારના કરવામાં આવેલ.

સેક્રેટરી સૌ. દેવલબેન વિજયભાઈ પોલડીયાએ આભાર પ્રદર્શન કરેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ ગાંધીધામ

મંડળ દ્વારા અત્રે તા. ૨૫-૦૮-૨૦૧૩ ના બૃહદ ગાંધીધામ વિસ્તારમાં વસતા જ્ઞાતિજનોના વર્ષ ૨૦૧૨-૧૩માં સફળતાના સોપાનો સર કરનાર તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ સિધ્ધી મેળવનારનું સકસેસ સેલીબ્રેશન સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મહાજનના પ્રમુખ શ્રી મિતેશભાઈ ધરમશીએ પ્રમુખસ્થાન દિપાવ્યું હતું. તેમજ આ કાર્યક્રમના મુખ્ય દાતાઓમાં ડાયમન્ડ દાતા શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર, હા. શ્રીમતી સીમાબેન લબ્ધીકુમાર મોમાયા, સિલ્વર દાતા શ્રી હરીશ દામજી ખોના, તથા ભુજ અને અબડાસા સિવાયના વિસ્તારના ઈનામના સહયોગી દાતા એવા કચ્છ એકમના મંત્રીશ્રી પદમશીભાઈ લાલકા તથા તે સિવાયના નાના-મોટા તમામ દાતાઓના સાથ-સહકારથી આ કાર્યક્રમ સારી રીતે પાર પડેલ. મંડળ દ્વારા તમામ મુખ્ય દાતાશ્રીઓનું સન્માન કરી આભાર માનવામાં આવેલ અને દાતાશ્રીઓના વરદહસ્તે તેજસ્વી તારલાઓ તથા વિશિષ્ટ સિધ્ધી મેળવનાર જ્ઞાતિજનોનું સન્માન કરવામાં આવેલ. નાના બાળકો માટે ફેન્સી ડ્રેસ હરિફાઈ, ટેલેન્ટ શો અને નિબંધ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.

મંડળના આધસ્થાપક અને મંડળના ભુતપુર્વ પ્રમુખોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ મિતેશ મોતા, ઉપપ્રમુખ હિમાંશુ લાલકા તથા હાર્દિક નાગડા, માનદમંત્રી કેતન લોડાયા, સહમંત્રી મિકિર ખોના, ખજાનચી જીગર મૈશેરી, સહખજાનચી ધવલ લોડાયા, કોપ્ટ સભ્ય મયુર ધરમશી, ભાવિક નાગડા, તેમજ કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું

સંચાલન મયુર ધરમશી અને હાર્દિક નાગડાએ કરેલ અને આભાર વિધી હિમાંશુ લાલકાએ કરેલ. કાર્યક્રમ બાદ જ્ઞાતિજનોએ ભોજનનો લાભ લીધેલ.

## નવરાત્રી ઉત્સવ નાગપૂર

ક.દ.ઓ. સમાજ નાગપૂરમાં દર વરસની જેમ આ વરસે પણ નવરાત્ર ના નવ દિવસ સુધી અચ્છલગચ્છ અધિષ્ઠીયિયકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવના રાખવામાં આવી હતી. પ્રથમ દિવસ શ્રી સત્યેન્દ્રભાઈ લોડાયાના ઘરે ભાવના હતી. બાકીના ના આઠ દિવસ શ્રી કાંતીલાલ વશનજી ધરમશીના ઘરે ભાવના રાખવામાં આવી હતી.

નવ દિવસ ભાવનામાં કસ્તુરબેન ધરમશી, પુનમ પ્રફુલ મોમાયા, મીના ગીરીશ લોડાયા, સોનલ મનોજ ધરમશી, પુષ્પલતા ત્રિવેદી, અનિતા ત્રિવેદી, સન્ધ્યા ત્રિવેદી અને મીરા શર્મા (બેંગ્લોર) એ સક્રિય ભાગ લીધો હતો, ભાવનામાં રમઝટ જમાવી હતી. પ્રથમ અને આખરીના દિવસે અલ્પાહાર રાખવામાં આવ્યો હતું બાકીના દિવસે પ્રસાદનો લાભ બધા લોકોએ લીધો હતો.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ - વડોદરા

આયોજીત યાત્રા પ્રવાસ તા. ૨૦-૧૦-૧૩ રવિવારે સવારના કેડીઓ ભવનથી નિકળી નંદાસણ તીર્થ શ્રી મનમોહન પાર્શ્વનાથ દાદાના દર્શન-ચૈત્ય વંદન-નવકારશી, બાદ બસમાં ધાર્મિક ગેમ સાથે પાટણ તરફ પ્રયાણ, શ્રી પંચાસરા પાર્શ્વનાથ દાદાના દર્શન-સેવા-પૂજા, સુપ્રસિધ્ધ રાણીના વાવ જોયા બાદ બપોરના ચા-પાણી માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવાર તરફથી, નાસ્તાની કીટ વર્ષાબેન મોતા પરિવાર તરફથી, ત્યાંથી ચારૂપ તીર્થમાં પાર્શ્વનાથ દાદાના દર્શન - ચૈત્ય વંદન, સાંજનું ચૌવિહાર માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી, ત્યાર બાદ ચાણસ્મા તીર્થમાં ભરેવાજી પાર્શ્વનાથ દાદાના દર્શન-ચૈત્ય વંદન બાદ મહેસાણા તીર્થમાં સીમંધર સ્વામીની આરાધના કરી રાત્રે વડોદરા પરત આવેલ.

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ - ધુલીયા

ભાદરવા સુદ નોમને શુક્રવાર તા. ૧૩-૯-૨૦૧૩ ના રોજ મહિલા મંચની સભા સભ્ય સૌ. લીલાબેન મયુર મોમાયાના નિવાસસ્થાને પ્રમુખ શ્રી સૌ. પ્રીતીબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ

જલગામ મુકામે આયોજિત મહારાષ્ટ્ર એકમ મહિલા મંચના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવેલ. ધુલીયા મંચના સાંસ્કૃતીક કાર્યક્રમ અંગે માહિતી આપવામાં આવેલ. ઘઉંના લોટનો સીરો બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રથમ સૌ. કલ્પનાબેન પ્રદીપ શાહ તથા દ્વિતીય સૌ. હર્ષાબેન વિનોદ સોની વિજેતા બનેલ. નિર્ણાયક તરીકે સૌ. અશ્વિનીબેન મનોજ શાહએ સેવા આપેલ. પ્રમુખશ્રીએ તેમનું સ્વાગત કરેલ સૌ. કલ્પનાબેન પ્રદીપ શાહ તેમનો પરિચય આપેલ. મહિલા મંચ તરફથી તેમનું સૌ. મધુમતીબેન ભાટેના હસ્તે શ્રીફળથી સન્માન કરવામાં આવેલ.

સૌ. લીલાબેને એક અડધી મિનિટની ગેમ રમાડેલ. જેમાં પ્રથમ સૌ. લત્તાબેન જયંત દંડ તથા દ્વિતીય સૌ. હર્ષાબેન વિનોદ સોની વિજેતા થયેલ. માતુશ્રી લક્ષ્મીબાઈ લક્ષ્મીચંદ મોમાયાની પુણ્યતીથિ નિમિત્તે શ્રી વિમલનાથ પ્રભુના જાપ કરવામાં આવેલ. સૌ. પ્રીતિબેન તરફથી બોલપેનની પ્રભાવના તથા મહિલામંચને રૂ. ૧૦૧/- ભેટ આપવામાં આવેલ. સરપ્રાઈજ ગેમમાં સૌ. વીણાબેન વીરચંદ સોનીને ઈનામ મળેલ વિજેતાઓને સૌ. લીલાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ સૌ. લીલાબેહને આભારવિધિ કરેલ.

તા. ૨૧ તથા ૨૨ સપ્ટેંબર ૨૦૧૩ મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ આયોજિત વાર્ષિક સંમેલનમાં જલગામ મુકામે ધુલિયા મહિલા મંચના સભ્યાએ પ્રમુખશ્રી સૌ. પ્રીતીબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ સહભાગ લીધેલ. મહિલા મંચના સભ્યોએ છુટાછેડા. તેના કારણો, પરિણામ તથા નિવારણ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ. જેમાં સૌ. લત્તાબેન જયંત દંડ પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ. સાથે સૌ. શિતલબેન ભાટે એ મહેંદી સ્પર્ધામાં ભાગ લીધેલ. મહીલા મંચ તરફથી સાંસ્કૃતીક કાર્યક્રમમાં 'હવે હું ક્યાં જાઉં' થીમ પર જ્ઞાતિની સળગતી સમસ્યા એટલે સગપણ, આંતરજ્ઞાતિય લગ્ન તથા છુટાછેડા અને પુનઃવિવાહ પર પ્રકાશ પાડતું સૌ. પ્રીતી કાજલ મોમાયા લિખીત અને દિગ્દર્શિત એક સુંદર નાટક રજૂ કરવામાં આવેલ .જેમાં સૌ. કાંતાબેન શાહ, સૌ. ભાવનાબેન ભાટે, સૌ. હર્ષાબેન સોની, સૌ. શીતલબેન ભાટે તથા શ્રીમતી હિરાવંતીબેન લોડાયાએ ભાગ લીછેલ. હવે હું ક્યાં જાઉં ધીમ પર જ વૃધ્ધોની સમસ્યા રજૂ કરતું હાસ્ય એક પાત્રીય અભિનય શ્રીમતી હિરાવંતીબેન મીનિલાલ લોડાયઓ રજૂ કરેલ. બને નાટકોને

શ્રોતાઓએ ઉલ્લાસથી વખાણેલ. બને નાટક તથા વકૃત્વ સ્પર્ધાના વિજેતાઓને શેઠ શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર તરફથી ઈનામ આપવામાં આવેલ સૌ. પદમાબેન પંકજ જૈન રાજકોટ - બાંઢીયાનું બાળકોનો ઉછેર અને સમસ્યાઓ પર, સૌ. ભંડારી જલગાંવ નું મોબાઈલના દુષ્પરીણામો પર અને શ્રી સતિષ ડી. મંડોરાનું જીવનના લક્ષ્ય પર થયેલ માર્ગદર્શન અને વક્તવ્યોનો સભ્યોએ ભરપૂર લાભ મેળવેલ. જલગામ વાસીઓની રતનલાલ સી. બાફના (ગૌશાલા) શ્રી અહિંસા તીર્થમાં બે દિવસની મહેમાનગતિ માણી સહુ આનંદથી.

## શ્રી નેમ પ્રગતિ દાંડીયા રાસ, મોટી સિંધોડી - ૨૦૧૩

ઉપરોક્ત સંસ્થા દ્વારા દાંડીયા રાસ તથા ગરબાનો સુંદર કાર્યક્રમ મહિલા મંડળના પ્રમુખ શ્રી અ.સૌ. જ્યોત્સનાબેન તથા યુથ ફોરમના પ્રમુખ શ્રી વિશાલ શાહના નેજા હેઠળ શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, ભાંડૂપ ખાતે તા. ૧૯.૧૦.૨૦૧૩ ને શનિવારે સાંજે યોજાયો. લગભગ ૧૫૦ સભ્યોએ ભાગ લીધેલે. દરેક વિજેતાઓને સુંદર ટ્રોફીથી નવાજવામાં આવ્યા. જજ તરીકે શ્રીમતી દિપ્તી મોમાયા તથા શ્રીમતી નીશા શિયાલે સુંદર સેવા આપેલ. કાર્યક્રમમાં વિવિધ વસ્તુઓના સ્ટોલ રાખવામાં આવેલ.

જમવાની વ્યવસ્થા ફાઈવ સ્ટાર કેટરર્સ સંભાળેલ. સમગ્ર કાર્યકરમમાં નેમ યુથ ફોરમ તથા પ્રગતી મહિલા મંડળના સંભ્યોનો સારો સાથ સહકાર રહ્યો.

## સ્વયંસિધ્ધા : જી.વી.સી લેડીસ વિંગ

'સ્વયંસિધ્ધા' જી.વી.સી. લેડીસ વિંગ દ્વારા તા. ૨૧-૨૨ ઓક્ટોબરના ગેરેજ સેલનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જ્ઞાતિજનો મિત્રો સગા સંબંધીઓ દ્વારા વિવિધ વસ્તુઓ જેવી કે કપડા વાસણ, બેગ, બેડશીટસ, ડિનર સેટ, સોફા કમ બેડ જેવી વસ્તુઓ પ્રાપ્ત થયેલ જે રૂ.૧૦થી લઈને રૂ. ૩૦૦૦ સુધી વેચવામાં આવી. ઘાટકોપરનાં જ્ઞાતિજનો તેમજ અન્ય સ્થાનિકોએ ઉત્સાહભેર ખરીદી કરીને સેલને સફળ બનાવવામાં ખૂબ મોટો ફાળો આપ્યો. લેડીસ વિંગની વ્યવસ્થાપક સમિતિ અને કાર્યભરી સમિતીની બહેનોએ સેલના આયોજન તેમજ વેચાણમાં ખૂબ જ મહેનત કરી અને ગેરેજ સેલને સફળ બનાવ્યું.

## શ્રી પદમ મુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની. પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પૂ. જયર્શિતાશ્રી જી.મ.સા. માર્ગદર્શન અને આશીર્વાદે ટ્રસ્ટના કાર્યો સરળતાપૂર્વક પાર પડેછે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવામાં આવેછે.

તેમના કાયમિતીથીના દાતાઃ ૧. શ્રી અચલગચ્છ નલિયા મંડળ (ધુલીયા) ૨. ખુશાલચંદ કલ્યાણજી પોલડિયા (પાચોરા-હસ્તે રેખાબેન) ૩. દયમંતીબેન પદમશી ખોના (કોચિન) ૪. ઉતમચંદ મેઘજી દંડ (તેરા) ૫. હિરાચંદ દામજી દંડ (અંધેરી) ૬. ઘનજી રતનશી નાગડા (પાચોરા - હસ્તે રૂપેશ ધનજી નાગડા) ૭. વેજબાઈ ગોવિંદજી નાગડા (ખામગામ) ૮. ગભિંરદાસ છોટાલાલ જોશી (શિયોર ) ૯. માતુશ્રી જયાબાઈ નરશી ધરમશી (મુલુન્ડ જયલક્ષ્મી શ્રી મ.સા.ની પુણ્ય તિથી નિમિતે) ૧૦. દિનેશભાઈ ભવાનજી ગોશર (હૈદ્રાબાદ - જયલક્ષ્મી શ્રી મ.સા.ની પુણ્ય તિથી નિમિત્તે) ૧૧. જેતબાઈ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ) ૧૨. લક્ષ્મીબેન હેમરાજ મોમાયા (મુલુન્ડ) ૧૩. રમીલાબેન મણીલાલ ભઠાણ (મુંબઈ - હસ્તે - રૂપમભાઈ ભઠારા) ૧૪. રાયચંદ માલસી મોતા (શેલમ) ૧૫. લક્ષ્મીચંદ કેશવજી માડણ લોડાયા (હસ્તે - પ્રિયમવંદાબેન મેઘજી ઘરમશી - તારદેવ - જયદાર્શતા શ્રી જીમ.સા. સંયમ જીવન આરાધના નિમિત્તે)

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પુના

સંઘના પર્યુષણ પર્વના અહેવાલમા ક્ષતિઓ થઈ હતી તે સુધારોને નીચે પ્રમાણે વાંચવા વિનંતી.

પારણું પધરાવવાનો લાભ શ્રી ભરત લક્ષ્મીચંદ ભાટે એ લીધેલ. આ વર્ષે સંઘમાં એક અઠ્ઠાઈ અને અન્ય વિવિધ તપ થયેલ. સૌ. સંગિતાબેન પ્રફુલ્લ લોડાયા એ અઠ્ઠાઈ કરેલ. આ ઉપરાંત સૌ. દિપાાબેન મનોજ ધરમશીએ સમોવરણ તપ, સૌ. શ્વેતાબેન જ્ઞાનેશ ડાઘાએ ૩૨ વિજય તપ, સૌ. મધુરીબેન અને ચિં. માલા

વસનજી લોડાયાએ વિમલનાથ તપ, સૌ.સરલાબેન ભરત લોડાયા અને સૌ. ચંદ્રિકાબેન કિશોર રતાણીએ દોઢ મહિનાના એકાસણાં કરેલ તથા સૌ. ભક્તિ ધવલ દંડે અક્ષયનિધિનો પુર્ણાહુતી કરેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સુરતની પ્રવૃત્તિઓ

શ્રી પાંજરા પોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા માટે રૂા. ૫૦૦૦/- એકત્રિત કરી તેમના બેંક ખાતામાં જમા કરાવ્યા.

અશ્વીનભાઈ રતીલાલ સાયલાને ત્યાં શ્રી મહાકાળી માતાજીશ્રી ભાવના બાદ તા. ૨૭.૧૦.૧૩ ના રવિવારે શ્રી રાજેન્દ્રભાઈ વાલજી ગોસર પરિવાર તરફથી શ્રી અખીલ હીંદ મહીલા પરિષદ હોલમાં વાપીના શ્રી મણીલાલભાઈ મોમાયા તથા સુરતના શ્રી મણીલાલભાઈ અને શ્રી કેસવભાઈ પાર્ટીના મધુર સંગીતે ભાવનામાં સુંદર રમઝટ જમાવેલ. ૬૪ ભાવિકો ઉપસ્થિત રહ્યા. ભાવના બાદ શ્રી રાજેન્દ્રભાઈએ આઈસ્ક્રીમની પ્રભાવના કરેલ. મુંબઈથી પધારેલ હેમન્દ્રભાઈ વસનજી લોડાયાએ સંઘ પુજન કરેલ.

શ્રી મહાકાલી માતાજીની આગામી ભાવના તા. ૧૧.૧૨.૧૩ના શ્રી પરેશભાઈ પ્રભુલાલ ખોનાના નિવાસ સ્થાને બપોરના ૩.૦૦ કલાકે ભણાવશે.

### શ્રી. ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ ધુલિયા

શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ - ધુલિયાની સભા. સોમવાર તા. ૧.૧૦.૧૩ના રોજ સભ્ય સૌ. રમીલાબેન શરદ ગોસરના નિવાસસ્થાને મળેલ પ્રમુખ સૌ. રમીલાબેને સહુનું સ્વાગત કરેલ. નવરાત્રી પ્રસંગે સભ્યોને ચાંદલો કરી સાકરથી મોઢું મીઠું કરાવેલ.

હાજરી પ્રમાણે પ્રથમ અને દ્વિતીય આવનાર સભ્યોને મહિલમાંચ તરફથી ઈનામ આપવામાં આવેલ. પ્રથમ સૌ. મધુમતીબેન ભાટે અને સૌ. મનિષાબેન ભાટે, હતા મંચનાદરેક સભ્યોને વાર્ષિક ભેટ આપવામાં આવેલ. ગત વર્ષના હિસાબો રજૂ કરમાં આવેલ.

મહિલા મંચ તરફથી નવરાત્રી થીમ ગેમનું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રથમ સૌ. કાંતાબેન ચંદ્રકાત શાહ તથા દ્વિતીય સૌ. ચેતનાબેન જયેશ ભાટે વિજેતા થયેલ. સૌ. રમીલાબેને શરદ પૂર્ણિમા પ્રસંગને અનુરૂપ ચાંદ શબ્દો આવતાં હિંદી ગીતોની હાઉઝી રમાડેલ. જેમાં પ્રથમ સૌ. ભાવનાબેન હેમને લોડાયા તથા દ્વિતીય સૌ. નમ્રતાબેન આશિષ સોની વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. ઉષાબેન દિલીપ નાગડાને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. રમીલાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ સૌ. રમીલાબેને આભારવિધી કરેલ.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

મંચ તરફથી આયોજિત બે દિવસીય ચૈત્ય પરીપાટીમ તા. ૧૯.૧૦ના મુલુંડ (ઈસ્ટ) ગણીવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા આદિ ઠાણાને વંદન તથા જિનલએ દર્શન કરી સંઘ આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભ સાગરસુરીશ્વરજી મ.સા.ને. વંદન કરવાવાસી ગયેલ ત્યાં નવકારશી કરી. ત્યાંથી પેણ, વલકન અને કોલાડનાં જીનાલયે દર્શન કરાયા પાલી ગણપતીના દર્શન કરતા પોટનેરમાં પાર્શ્વનાથ ધામ ખાતે રાત્રી મુકામ કર્યો. રાત્રે ઈન્દ્રાપુર અને કોકણ પાર્શ્વનાથ ધામમાં ભાવના કરી.

સવારે કોકણ પાર્શ્વનાથ ધામમાં પાક્ષાલ આદિનો લાભ ત્યાંથી ઈન્દ્રાપુર અને ખાનગાવ જિનાલય દર્શન કર્યા.

પાછા આવતા રોહામાં ૨ જિનાલયે દર્શન, ચનેરામાં કાચનું જિનાલય, રેવદાંડા જિનાલય તથા અલિબાગ જિનાલયનાં એમકુંલ ચૌદ જિનાલયોના દર્શન કરી મુલુન્ડ પાછા આવ્યા.

### સાંયરામાં ધર્મ આરાધના

સાંયરામાં તા. ૧૧.૧૦.૨૦૧૩ ના અ.સૌ. લીલાવંતીબેન રાયચંદ નરશી દ્રોડ પરિવાર તરફથી મહાકાલી માતાજીની ભાવના થયેલ જેમાં રતીલાલભાઈ ખીરેશભાઈ, ખમાવંતીબેન તથા કસ્તુરીબાઈએ રમઝટ જમાવી.

આસો. સુદ ૭થી પુનમ સુધી તા. ૧૦.૧૦.૨૦૧૩ થી ૧૮.૧૦.૧૩સુધી આયંબિલની ઓળી યોજાઈ. માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે જયાબેન શાંતિલાલ

લોડાયા એ લાભ લિધેલ. કુલ ૭૧ આયંબિલ થયેલ. અગાઊનાં આયંબિલ મળી ચાતુર્માસમાં ૧૨૧ આયંબિલ થયેલ.

આયંબિલ કરનારાઓને માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર, વાલભાઈ દામજી નરશી ધ્રોડ પરીવાર, સોનબાઈ મુલજી પટેલ પરીવાર, અને દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા પરિવાર આદી પરિવારો તરફથી પ્રભાવના થયેલ. તા. ૧૮.૧૦.૨૦૧૩ ના આયંબિલ કરનારા સાયરા જૈન સંઘ રફથી પ્રભાવના થયેલ.

લકી ડ્રાના ભાગ્યશાળીને માતુશ્રી વાલભાઈ દામજી નરશી ધ્રોડ પરિવાર અને ખમાવંતીબેન વાલજી હિરજી ખોના પરિવાર તરફથી ઈનામો અપાયા.

વ્યાખ્યાનમાં વિવિધ પરિવાર તરફથી પ્રભાવના કરવામાં આવેલ.

તા. ૧૮.૧૦.૨૦૧૩ના માતુશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા પરિવાર તરફથી સ્વામી વાત્સલ્યનું જમણ તથા સંઘપુજન અને સ્કુલમાં સાટાની પ્રભાવના થયેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમહાજન - મોટી સિંધોડી સ્નેહ મિલન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમહાજન - મોટી સિંધોડી દ્વારા આયોજીત સ્નેહ મિલન ૨૦૧૪ રવિવાર, તા. ૧૨.૧.૨૦૧૪

સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિધ્ધી ભાંડુપ, મુંબઈ - ૪૦૦ ૦૭૮.

સમય સવારના ૧૦.૦૦ થી સાંજના ૪.૦૦ કલાક સુધી

કાર્યક્રમ : તપસ્વી બહુમાન, સરસ્વતી બહુમાન, વિશેષ વ્યક્તિ બહુમાન, સાંસ્કૃતિક કાર્યક્રમ, મેડીકલેમ વિશે માહિતી, વર્ષ ૨૦૧૪ માટે દેરાસરજી ના ખર્ચ માટેના વાર્ષિક ચડાવા, જિનાલયના ધ્વજનાં ચડાવા, જિનાલયના જિર્ણોધ્ધાર બાબત, મહાકાળી માતાજીની દેરી બાબત વગેરે તથા સંઘ સ્વામી વાત્સલ્ય.

કાર્યક્રમમાં ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ

પર્યુષણ દરમિયાન ૮ કે તેથી વધુ ઉપવાસ કરનાર તપસ્વી તથા વર્ષ ૨૦૧૩ દરમિયાન પાસ થયેલ વિદ્યાર્થીઓએ પોતાના નામ લખાવવા તથા વધુ માહિતી માટે સંપર્ક : શ્રી હેમાંગભાઈ લોડાયા : ૯૯૨૦૬૪૬૮૪૬ અ.સૌ. જ્યોત્સનાબેન મૈશેરી - ૯૮૩૦૫૨૯૫૫૫

## નાલાસોપારામાં તપસ્વી અનુમોદના

નાલાસોપારા પ.પુ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રી મ.સા.ની નિશ્રામાં જીંદગીમાં કોઈ દિવસ અકોસાણું પણ ન કરનાર બહેન ગીતાબેન ગીરીશભાઈ દેઢીયા શેરડીવાલાની ૧૬ ઉપવાસની નિર્વિઘ્ન પુર્ણાહુતી પ્રસંગે શ્રી મહાકાલી માતાજીની ભાવના શ્રી અનંત મિત્ર - ભાંડુપ વાલા એ રવિવાર તા. ૨૧.૧૦.૧૩ના ભણાવેલ ભાવના બાદ ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ.

## ગુરુગુણ સ્મૃતિ તપ - જપ - અભિયાન

પૂ મુનિશ્રી કમલપ્રભ સાગરજી મ.સા. પ્રેરિત, જન જનના આરાધ્ય ગુરુગુણસૂરિજી મ.સા.ના. સ્મૃતિ અભિયાને તપ-જપ માં જોડાયેલ સર્વે પુણ્યાતમાઓને લાખ લાખ ધન્યવાદ.

જાપ અભિયાનમાં જોડાયેલ સર્વેએ પોતાનું નામ એડ્રસ મો.બા.ન. લખી જ્ઞાતિ મહાજનની ઓફિસ અથવા ભાંડુપ (અનંત સિધ્ધી) ઓફિસમાં સત્વરે મોકલવા.

## વડાલામાં નવરાત્રોત્સવ

શ્રી આઝાદ નગર - વડાલા નવરાત્રી મહોત્સવ મંડળે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી ઉત્સવ દરમ્યાન વિવિધ હરિફાઈઓનું આયોજન કરેલ જેમાં નીચે મૂજબના જ્ઞાતીજનોને પરિતોષિક મળેલ.

વેશભૂષા હરિફાઈ: ૧. મિલોની યોગેશ આણંદજી મૂનવર. જખૌ, રજું ઈનામ ૨. રૂપી ધીરેન નવિનચંદ નાગડા - નલીયા -

દાંડિયારાસ હરિફાઈ : ૧. ઉમંગ મનિષ નવિનચંદ લોડાયા - વારાપધર - રજું ઈનામ ૨. યશ્વી રાજેશ શામજી લોડાયા - જખૌ - રજું ઈનામ ૩. પ્રકાશ ઉત્તમચંદ લોડાયા - સાંયરા - ૪ થું ઈનામ.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ચંદ્રકાંત કે. ભાટે** | કે/ઑ. રિલીફ ફાર્મા, પ્લોટ નં. એફ-૪/૨, એમ.આય.ડી.સી. અહમદનગર - ૪૧૪૧૧૧ |
| **પરાગ પ્રફુલ્લ રતિલાલ નાગડા** | બી/૪૨, શ્રીકૃષ્ણ ધામ, કો.ઓપ.સો., બૅંક ઓફ બરોડાની પાછળ, વીણા નગર, એલ.બી.એસ.માર્ગ મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **શાંતિલાલ મુલજી લાલકા** | ૧, અનુંબધ ઍપાર્ટમેંટ, ૧૩ બગીરથ કૉલાની, જલગાંમ - ૪૨૫ ૦૦૧. |
| **સતીષ કે. લોડાયા** | ૧૨ કુંદાબાઈ મ્હાત્રે ચાલ, સંતોષીમાતા મંદિર પાછળ, કોપર રોડ, ડોંબિવલી વેસ્ટ, ૪૨૧૨૦૨ |
| **શરદ લાલજી શાહ (શિયાળ)** | ૩ ગૌરવ એપાર્ટમેન્ટ, ૧લા માળે, અશોક નગર, નાહુર વીલેજ રોડ, મુલુંડ વેસ્ટ ૪૦૦૦૮૦ |
| **મુલજી માણેકજી લોડાયા (શાહ)** | બી. ૬૦૧/૬૦૨, શિવશરણ કો.ઓપ.સો., બિલ્ડીંગ નં. ૧૧૨, થાણાવાલા હોલની આગળ, આર.એસ.મણિ સુપર માર્કેટ, સામેની લેન, તીલકનગર, ચેંબુર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૯ |
| **શરદ જી પોલડીયા** | ૩૦૫ શ્રી કોમ્પલેક્સ, બિલ્ડીંગ નં. ૩ આયકોન હોસ્પીટલ - ડોમીનોપીજા પાછળ , માનપાડા રોડ, ડોંબિવલી ઈસ્ટ, ૪૨૧૨૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **ચંદ્રકાંત કે . ભાટે અહમદનગર** | **0241-2777707/09225239225** | **પરાગ પ્રફુલ નાગડા મુલુંડ** | **08450959895** |
| **મુલજી માણેકજી લોડાયા** | **09324208963** | **નેહલ પરાગ નાગડા મુલુંડ** | **08450959896** |
| **રાહુલ મુલજી લોડાયા** | **09820019380** | **તૃપ્તિ રાહુલ લોડાયા** | **09323019380** |
| **શરદ લાલજી શાહ (શિયાળ)** | **09321336613** | **ગિરીશ વી. ખોના** | **09969089776** |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૮.૧૩ | શેગાવ | ખુશી-નિકીતા/થીરેશ સુર્યકાંન્ત મોતા | લાલા | પુત્રી |
| ૨૫.૦૯.૧૩ | મુલુડ | વિહાન-મૈત્રી/પ્રજ્ઞેશ વિનોદ પોલડીયા | રંગપુર | પુત્ર |
| ૦૯.૧૦.૧૩ | મુલુડ | નિહાર-વૃશાલી/ પ્રક્ષેશ લોડાયા | આરીખાના | પુત્ર |
| ૧૦.૧૦.૧૩ | પુસદ | ભુમી/દિપ્તી સુરજ બીપીન ધરમશી | સુથરી | પુત્રી |
| ૧૫.૧૦.૧૩ | ડોંબિવલી | સારવ સમીર અરવિંદ કુંવરજી લોડાયા | સુજાપર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૦.૧૩ | કોચીન | દિપેશ નિતીન દેવશી ખોના | નલિયા | ૨૯ |
| | હુબલી | વૈશાલી મહેશ નવિનચંદ્ર ખોના | મોટી ખાવડી | ૨૪ |
| ૩૧.૧૦.૧૩ | હુબલી | જીતેશ જીતેન્દ્ર ટોકરશી લોડાયા | રવા | ૨૯ |
| | કલ્યાણ | દર્શના ભુપેન્દ્ર મુલજી મોમાયા | વરાડીયા | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૧૦.૧૩ | નાંદેડ | રેખાબેન હિંમતલાલ લિલાધર લાપસીયા | દલતુંગી | ૪૬ |
| ૨૬.૧૦.૧૩ | આકોલા | ગુણવંતી શાંતિલાલ દામજી દંડ | લુણી | ૭૮ |
| ૨૭.૧૦.૧૩ | સિહોર | ધનજી દામજી રતનશી મૈશેરી | લાલા | ૮૧ |
| - | ડોંબિવલી | રતિલાલ ડુંગરશી રાયશી મૈશેરી | જખૌ | ૮૪ |
| ૩૦.૧૦.૧૩ | ઘાટકોપર | તલકચંદ શામજી વિરજી ખોના | સાયરા | ૬૫ |
| ૩૦.૧૦.૧૩ | ડોંબિવલી | સોનબાઈ ચાંપશી વિરધોર મોમાયા | નલીયા | ૯૨ |
| ૩૧.૧૦.૧૩ | વસઈ | નિર્મળાબેન પ્રબોધચંદ્ર રતનશી ગાલા | મંજલ | - |
| ૩૧.૧૦.૧૩ | મુલુડ | હેમલતા પ્રતાપ ગોવિંદજી લોડાયા | સુથરી | ૭૮ |
| ૦૪.૧૧.૧૩ | બીડ | ચંદનબેન જીવરાજ લોડાયા | મોટી સિંધોડી | ૮૭ |
| ૦૪.૧૧.૧૩ | ડોંબિવલી | વિજયા શાંતિલાલ દંડ | ભરૂડીયા | ૫૯ |
| ૦૫.૧૧.૧૩ | ડોંબિવલી | મણીબાઈ ટોકરશી લોડાયા | વારાપધર | ૮૮ |

# કચ્છમાં રહી શિક્ષણ તથા સમાજ સેવા ક્ષેત્રે ભેખ લેનાર શ્રી ચંદ્રકાંત મુનવર

સાંધવ ગામ સોહામણું, એનજો વંશ થીયે વલાર...
હેકડા વેંતા નાયરો નદીજા નીર, મથે લાલ છત્તાપીર
શાન્તીનાથજી શીતળ છાયા, માં આશાપૂરાજા આશીર્વાદ...
હેન મેટી મેં પેદા થીંધલ, નરવંકો થીંધો સદાબહાર



સત્યાવીસ વરસથી એક જ જગ્યાએ વસવાટ કરનાર ભેખધારી ચંદ્રકાન્ત હીરાચંદ મુનવરને સ્નેહ નમસ્કાર...

૧૯૬૧ની ૧૫મી એપ્રિલે કોઠારા ગામે તેમનો જન્મ થયો. માતા કસ્તુરબેન પિતા હીરાચંદભાઈના સુંદર સંસ્કારો વારસામાં મળ્યા. જ્યેષ્ઠ વડીલ ભાઈઓ હરીશભાઈ તથા પ્રબોધભાઈએ ઘરની કપરી આર્થિક પરિસ્થિતી હોવા છતાં તેમણે ચંદ્રકાંતભાઈને ભણાવ્યા. મોટું કુટુંબ, ઘરનાં સભ્યો દસ. પિતાજીની કપાસની નોકરી, આવા કપરા સંજોગોમાં પી.ટી.સી. નો અભ્યાસ પુરો કર્યો.

૦૧.૦૮.૧૯૮૦ના એ લાયજા મોટા ખાતે પ્રાઈવેટ શાળામાં મદદનીશ શિક્ષક તરીકે નોકરીએ લાગ્યા. ત્યારબાદ ૦૧.૦૧.૧૯૮૧ના નાનાવાડા તા. અબડાસા ખાતે આચાર્ય તરીકે સૌ પ્રથમવાર સરકારી નોકરીમાં જોડાયા.

૨૮.૧૨.૧૯૮૫ના પ્રથમ વખત બદલી કરાવી સાંધવ તા.અબડાસા મધ્યે આવ્યા બાદ આજ દિન સુધી તેમની અવિરતપણે સાંધવ મુકામે નોકરી સાથે સમાજસેવા ચાલુ છે. તેમના ૮૨ વરસના સરળ સ્વભાવી માતાજી કસ્તુરબેનનો હમેશાં સહકાર મળતો રહ્યો છે. તેમના વડીલ ભાઈઓ, બહેનો તથા માતાતુલ્ય ભાભીઓ હમેંશા તેમના પડખે રહ્યા છે. તેમના ધર્મપત્ની રેવંતીબેન તેમના દરેક કાર્યમાં સુંદર સહયોગ આપે છે, તેમના પુત્ર જીગેશને પણ પિતાના સંસ્કારો વારસામાં મળ્યા છે. તેઓ ભુજ ખાતે શ્રીરામ ફાઈનાન્સમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. પુત્રી હિનલ માં આશાપુરા બી.એડ.કોલેજ ભુજ ખાતે અભ્યાસ કરે છે અને પિતાશ્રીના દરેક કાર્યમાં સુંદર સહકાર આપે છે, પુત્રવધુ દિશા કહે છે કે મારા સુંદર ભાગ્ય છે કે મને આવું સંસ્કારી કુટુંબ મળ્યું.

ચંદ્રકાંતભાઈ પાસે અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ આજે એન્જીનીયર, વકિલ અને શિક્ષકની જગ્યાએ નોકરી કરે છે. તેઓ સાંધવ ગામના તમામ વર્ગની વ્યક્તિઓને કપરા કાર્યમાં સહકાર આપી માર્ગદર્શક બની રહે છે. તેઓ જૈન મિત્ર મંડળ, કોઠારા જૈન મહાજન, ગણેશ મંડળ, નવરાત્રી મંડળ, કોઠારા સ્પોર્ટર્સ કલબ જેવી વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓ ક.દ.ઓ. જૈન કચ્છ એકમ ના સભ્ય છે. મેડિકલ કેમ્પ, રક્તદાન શિબિર, દુષ્કાળ, ધરતીકંપ અતિવૃષ્ટી, વાવાઝોડા વખતે લોકોનાં પડખે રહી સેવા કરે છે.

તેઓશ્રીએ ૨૦૦૮માં સાંદિપની એવોર્ડ મેળવેલ. તેઓશ્રીનાં શિક્ષણકાળ દરમ્યાન ૨૦૦૪ અને ૨૦૦૮ માં સાંધવ શાળાએ તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ પણ મેળવેલ, વિજ્ઞાન પ્રદર્શનમાં તેઓની શાળાનાં બાળકો ૨૦૦૩માં રાજ્ય કક્ષા સુધી પહોંચ્યા હતા. તેઓશ્રી સમુહલગ્ન, અનાજ વિતરણ જેવી શાંતિજિન જૈન જાગૃતિ જૈન જાગૃતિ ગ્રુપની પ્રવૃતિઓમા જોડાયેલા છે. શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના સભ્ય છે.

સાંધવ મહાજન ટ્રસ્ટમાં છેલ્લા ૨૦ વરસથી સેવા આપે છે. તેમનાં માર્ગદર્શન હેઠળ કોઠારા ખાતે ૧૯૯૭ માં જિલ્લા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ. સાધંવ ગામની પાણી સમિતિના તેઓશ્રી સદસ્ય છે. આજે પણ તેઓશ્રીની શાળા કબડ્ડીની રમતમાં તાલુકા કક્ષાએ ચેમ્પીયન છે. તેઓશ્રીનાં આયોજન હેઠળ સાંધવ શાળાનાં બાળકોએ કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજસ્થાન સુધી પ્રવાસ કરેલ છે. કોઠારા ગામનાં જૈન સમાજનાં ભાઈ બહેનોએ ચૈત્ય પરિપાટી રૂપે પાલીતાણા, જુનાગઢ, રાજસ્થાન, કચ્છ સુધી તેમનાં આયોજન હેઠળ ફર્યા છે. તેમના ૮૨ વરસનાં માતાજી પોતાને ભાગ્યશાળી ગણે છે કે મારા ત્રણે પુત્રો નોકરી સાથે સમાજસેવા કાર્યોમાં જોડાયેલા છે.

તેમના એક વિદ્યાર્થી હાલે ગામનાં સરપંચ પદે સેવા આપે છે. તેમને સાંધવ શાળા પ્રત્યે તન,મન,ધન થી સાંધવ ગામવાસીઓ કચ્છ તથા મુંબઈનાં દાનવીરોનો સહ્યોગ સાંપડયો છે.

તેઓ માને છે કે સમાજ જેની કદર કરે એજ સાચો શિક્ષક છે.

**- ગોવિંદજી લાલજી પટેલ**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ,day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

**ચાતુર્માસ પુર્ણાહુતિ એ**
**ઠાણા - ઉઠાણા કરનાર**
**ગુરુભગવંતોને**
**મત્થેણ વંદામિ**

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

**નુતન વર્ષ ની શુભેચ્છા**

નુતન વર્ષ નો પ્રારંભ શુભ સંકલ્પથી કરવો જોઈએ. સતત બદલાતા રહેતા જગતમાં કઈ વસ્તુમાં અંગે બદલાવવું અને કયા મુલ્યો પ્રાણાંતે જાળવવાનો વિવેક કેળવવાનો સંકલ્પ શ્રેષ્ઠ સંકલ્પ છે.

- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**